



અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

# અવધ ટાઇમ્સ

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેકસ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૩૧-૦૭-૨૦૨૪ બુધવાર



૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ
૬૧,૯૯૦/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૩૦-૦૭-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ અષાઢ વદ ૧૧ વર્ષ : ૨૮ અંક ૩૦૦


### સાંસદશ્રી ભરત સુતરીયાની આગેવાનીમાં ધારાસભ્યો શ્રી વેકરીયા, શ્રી કસવાલા, શ્રી સોલંકી, શ્રી કાકડીયા અને શ્રી તળાવિયા દ્વારા ઐતિહાસિક કામગીરી

# અમરેલીનાં ઇતિહાસમાં પ્રથમ વખત તમામ પ્રતિનિધિઓ દિલ્હીમાં

## પ્રદેશ ભાજપ અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રીશ્રી સી.આર.પાટીલ તથા સાંસદશ્રી પરશોત્તમ રૂપાલા, શ્રી દિલીપ સંઘાણીની મુલાકાત કરતું અમરેલીનું પ્રતિનિધિત્વ

## શ્રી મનસુખ માંડવીયા, શ્રી ભૂપેન્દ્ર યાદવ સાથે જિલ્લાના વિકાસની રૂપરેખાની ચર્ચા કરતા જિલ્લાના નેતાઓએ રાષ્ટ્રીય નેતાઓને અમરેલીનાં પ્રશ્નો જણાવ્યાં

## જિલ્લામાં નેશનલ હાઇવે, રેલ્વે, પર્યાવરણ, ફોરેસ્ટ, સિંચાઇના પાણી સહિતના પ્રશ્નોના નિરાકરણની કવાયત : કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહ અને રાષ્ટ્રીય ભાજપનાં શ્રી જે.પી.નડ્ડા સાથે મુલાકાત : ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડ અને લોકસભાના સ્પીકર શ્રી ઓમ બિરલાની શુભેચ્છા મુલાકાત













અમરેલી,દેશ ખેતીપ્રધાન દેશ છે ત્યારે અમરેલી જિલ્લો ખેતી નિર્ભર જિલ્લો હોય સાથે ગીર ની શાન ગણાતા સિંહોનો ગઢ ગણાતાઅમરેલીજિલ્લામાં૮૦ટકાજેટલી વસ્તીખેતીસંલગ્નહોયત્યારેકેન્દ્રનીતથા રાજયની ભાજપ સરકાર દ્વારા અમરેલી જીલ્લાનાવિકાસમાટેઅઢળકગ્રાન્ટોઅને કામોઆપવામાંઆવીરહયાછેહાલઆ વિકાસ તરફ ખુબજ આગળ વધી રહયો છે ત્યારે કેટલાક અમરેલી જીલ્લાના પાયા ના પ્રશ્નો જેવા કે નેશનલ હાઈવે, રેલવે, ફોરેસ્ટ અને પર્યાવરણ, સિંચાઈ અને પાણી જેવા મહત્વના પ્રશ્નોને તાકીદે નિવારણઆવેઅનેઅમરેલીજિલ્લોઅમર વેલીબનીજાયતેવાધ્યેયસાથેકામકરતા સ્વભાવના સરળ અને કામોમાં નિપુણ ગણાતા સાંસદ ભરતભાઈ સુતરીયાની આગેવાનીમાં અમરેલી જીલ્લાના પાંચેય ધારાસભ્યો દિલ્હી પહોંચ્યા હતા. અમરેલીના ધારાસભ્ય અને વિધાન સભાના નાયબદંડક કૌશિક વેકરીયા, સાવરકુંડલા લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, હીરાભાઇ સોલંકી, જનકભાઈ તળાવીયા, જે.વી. કાકડીયા આજે દિલ્હી દરબારમાં પહોચ્યા હતા. દિલ્હી દરબારમાં ઉપરાષ્ટ્રપતીશ્રી જગદીપ ધનખડજી તથા લોકસભાના સ્પીકર શ્રી ઓમ બિરલાજી સાથે શુભેચ્છા મુલાકાત હતીત્યાર બાદ આપણા ગુજરાતનું ગૌરવ અને દેશના કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહજી સાથે પણ કાયદો અને વ્યવસ્થા બાબતેમુલકાતકરીચર્ચાવિચારણાઓકરી હતી. રાષ્ટ્રીય ભાજપા અધ્યક્ષ જે.પી. નડ્ડાજી તેમજ કેન્દ્રીય મંત્રીશ્રી ડાં.મનસુખ ભાઈ માંડવીયા અને ભુપેન્દ્ર યાદવજી સાથે પણ શુભેચ્છા મુલાકાત કરી વિવિધ પ્રશ્નોની ચર્ચાઓ કરી હતી. જ્યારે કેન્દ્રીય મંત્રી અને સાંસદ પુરુષોત્તમ રૂપાલા અને ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી સાથે અમરેલી જિલ્લાના વિકાસની રૂપરેખાઓ લઈને જિલ્લાને નવી ઊંચાઈ પર લઈ જવાની નેમ સાથે વિધાનસભાના નાયબ મુખ્યદંડક અને અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશીકભાઈ વેકરીયા, સાવરકુંડલાના શ્રી મહેશભાઈ કસવાલા, રાજુલાના શ્રી હિરાભાઈ સોલંકી, ધારીના શ્રી જે.વી. કાકડીયા, લાઠીના શ્રી જનકભાઈ તળાવીયાએ સતત બે દિલ્હી દરબારમાં ધામા નાખીને અમરેલીના વિવિધ પ્રશ્નો બાબતે કેન્દ્રીય નેતાઓને મળી રહયા છે તેમ સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી.હિરપરાની અખબારી યાદીમાં જણાવ્યું હતું.










### શ્રી ચામુંડા માતાજીના ધામ નજીક આવેલા શ્રી જલારામબાપાના મંદિરે

# ચોટીલામાં એએચપી, બજરંગદળની સૌરાષ્ટ્ર પ્રાંતની બેઠક મળી

**આંતરરાષ્ટ્રીય હિંદુ પરિષદનાં રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. પ્રવિણભાઇ તોગડીયા, ગુજરાત પ્રદેશનાં રણછોડભાઇ ભરવાડ અને સૌરાષ્ટ્ર પ્રાંતનાં ડો. ગજેરાએ માર્ગદર્શન આપ્યું**

**આગામી તહેવારો ઉજવવા હિંદુ મંદિરોમાં હનુમાન ચાલીસા કેન્દ્રો શરૂ કરવા અને એક મુઠી અનાજ વિતરણ, મેડીકલ કેમ્પો યોજવા સહિતની બાબતે માર્ગદર્શન આપ્યું**





અમરેલી,

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ચામુંડા માતાજી ના ધામમાં જલારામ મંદિર મુકામે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ તેમજ રાષ્ટ્રીય બજરંગ દળ ની સૌરાષ્ટ્ર પ્રાંતની એક બેઠક મળેલી જેમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપક એવા ડોક્ટર પ્રવીણભાઈ તોગડીયા તેમજ રાષ્ટ્રીય મંત્રી, ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી રણછોડભાઈ ભરવાડ સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડો.ગજેરા, શશીકાંતભાઈ પટેલ સૌરાષ્ટ્ર પ્રાંત,સંગઠન મંત્રી નિર્મળસિંહ ખુમાણ ,પ્રાંત ઉપાધ્યક્ષ મનસુખભાઈ રૈયાણી ,છાત્ર પરિષદ પ્રાંત મંત્રી મજબૂત ભાઈ બસિયા ,જિલ્લા ઉપાધ્યક્ષ દદુભાઈ ખાચર ,વિભાગ અધ્યક્ષ ડોક્ટર દેસાણી ,જિલ્લા અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી ,જિલ્લા મંત્રી જીલુભાઈ વાળા તેમજ રાષ્ટ્રીય કિસાન પરિષદ નિલેશભાઈ ડાયાણી દુલાભાઈ દેસાઈ નિલેશભાઈ સોલંકી ઉદયસિંહ રાજપુત સંજયભાઈ પોપટ તેમજ રાજુલા ટીમમાં અજયભાઈ વાળા ,કાર્યકર્તા ભાઈઓ સાથે આ સૌરાષ્ટ્ર પ્રાંત બેઠકમાં જોડાયેલા જેમાં સ્થાપક એવા ડોક્ટર તોગડિયા દ્વારા આગામી સમયમાં આવતા હિન્દુ ધર્મના તહેવારો ઉજવવા અને શહેરમાં તાલુકામાં જિલ્લામાં દરેક હિન્દુ મંદિરોમાં હનુમાન ચાલીસા કેન્દ્ર એક મુઠ્ઠી અનાજ અને મેડિકલ કેમ્પો કરવા માટે દરેક જિલ્લાઓમાં આહવાન કરેલ આ તકે ડો.ગજેરા તેમજ નિર્મળસિંહ ખુમાણ દ્વારા સંગઠન મજબૂત બને તેના માટે માર્ગદર્શન કરેલ અને ડો.તોગડીયા દ્વારા આગામી ફેબ્રુઆરી મહિનામાં ગયાજી પ્રયાગરાજ કુંભમેળામાં પણ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા એક ભવ્ય ભોજન ભજન અને સેવા માટે એક ભવ્ય પ્લેટફોર્મ ઊભું કરવામાં આવશે તેવી આ બેઠકમાં જાહેરાત કરવામાં આવેલી અને ત્યારબાદ કાઠી ક્ષત્રિય સમાજના ઈષ્ટદેવ ભગવાન સૂર્યનારાયણ નું દેવળ એવા સુરજ દેવળ મંદિરે ભગવાન સૂર્યનારાયણની આરતી અને દર્શનનો લાભ ડો. પ્રવીણભાઈ તોગડીયા સાથે પૂરી ટીમે આ દર્શનનો લાભ લીધેલો તેમ અમરેલી જિલ્લા પ્રમુખ સુરેશભાઈ સોલંકી દ્વારા જણાવેલ છે

### અમરેલીમાં જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે મિસાઈલ મેન

# અમરેલીમાં પુર્વ રાષ્ટ્રપતિ ડો. એ. પી. જે અબ્દુલ કલામની ૯મી પૂણ્યતિથીએ શ્રદ્ધાંજલિ અર્પણ

**રાજુભાઇ મીલન, રજાકભાઇ કચરા સહિત આગેવાનોની ઉપસ્થિતી**



અમરેલી,

ગુજરાતના અમરેલી શહેરની જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે આજરોજ સાંજના પાંચ કલાકે અમરેલી જિલ્લા ભાજપ લઘુમતી મોરચા દ્વારા આપણા દેશના પૂર્વ રાષ્ટ્રપતિ અને દેશના મિસાઈલ મેન તેમજ આપના રાષ્ટ્રપતિ અને દેશના મિસાઈલ મેન તેમજ આપણા રાષ્ટ્રનું ગૌરવ ડો. એ.પી.જે અબ્દુલ કલામ સાહેબની ૯ મી પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ તકે અહીં હાજર રહેલા. રાજુભાઈ (મિલન) પ્રદેશ કારોબારી. રજાકભાઈ કચરા જિલ્લા પ્રમુખ લઘુમતી મોરચા. નકવી મોહમ્મદ કાસીમ ડી જિલ્લા લઘુમતી દીલાભાઈ ચુડાસમા જિલ્લા મંત્રી. મોગલ ભાઈ દામનગર શહેર પ્રમુખ. મોરચા મંત્રી. કાલવા અશરફ હસનભાઈ અમરેલી તાલુકા પ્રમુખ લઘુમતી મોરચા. અજીમ લાખાણી ઉપપ્રમુખ અમરેલી જિલ્લા લઘુમતી મોરચા. સમીર બિલખીયા ઉપપ્રમુખ અમરેલી શહેર લઘુમતી મોરચા. સૈયદ અબરારબાપુ મહામંત્રી અમરેલી શહેર લઘુમતી મોરચા. મુસ્તુફા એ ગોરી મંત્રી લઘુમતી અમરેલી શહેર લઘુમતી મોરચા. કાજી અક્રમ મહેબુબભાઈ નગરપાલિકા સદસ્ય. શાહરૂખ ભાઈ કુરેશી નગરપાલિકા સદસ્ય, ઓસમાણભાઈ પિસ્ટન ભાઈ. અજીતભાઈ ગોરી સતારભાઈ મિઠાણી, ઈબ્રાહીમ એદલ. નીઝામ બાપુ કાદરી, સૈયદ મહમદ હુસેન કાસમ મિયાં .સમીરભાઈ કચરા. સાહિલભાઈ, આશિષભાઈ. અકીલભાઈ શેખ, જહાંગીરભાઈ વી મોગલ, સોહીલભાઈ શેખ. આસિફભાઈ કચરા, રિયાઝ ભાઈ કચરા, સોહિલભાઈ, મુના ભાઈ મલેક, દાનિશ મોગલ, મોરચાના તમામ કાર્યકર્તા મિત્રોએ હાજરી આપી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# એસટી બસ નીકળે સીમરણથી પણ બેસવું હોય તો પાંચ ગામના લોકાએ સાવરકુંડલા અથવા અમરેલી જવું પડે

**સીમરણ વાડીએ એક્સપ્રેસ સહિતનો સ્ટોપ આપવા ધારાસભ્ય શ્રી કસવાલાને રજુઆત**

કેરીયાનાગસ, (ભરત હરખાણી)

સાવરકુંડલા તાલુકાના સીમરણ વાડી એથી પ્રસાર થતી એકપણ એક્સપ્રેસ બસનો સ્ટોપ એસ.ટી.વિભાગ દ્વારા આપવામાં ન આવતા સીમરણ વાડીએથી સીમરણ, જીરા, બોરાળા, કરજાળા, અને નવાચરખા એમ પાંચ ગામના લોકોને લાંબા અંતર ની મુસાફરી કરવા માટે સાવરકુંડલા અથવા અમરેલી ખાતે જવું પડેછે સાવરકુંડલા અમરેલી હાઈવે ની મધ્યમાં આવેલ સીમરણ ગામના પાટિયુ જેને સીમરણ ની વાડી તરીકે ઓળખવામાં આવેછે જ્યા ૨૪ કલાક માટે એક્સપ્રેસ બસો અવર જવર કરી રહીછે પરંતુ એકપણ બસ અહીંયા ઉભી રહેતી નથી સીમરણ, જીરા, બોરાળા, કરજાળા, અને નવાચરખા પાંચ ગામના લોકોનો રાજકોટ, અમદાવાદ, સુરત, ભાવનગર વગેરે લાંબા અંતરની મુસાફરી તેમજ સીટી માં હોસ્પિટલ નાકે અન્ય કામકાજ માટે અથવા સગાસંબંધીઓને ત્યાં જવા આવવા માટે સાવરકુંડલા અથવા અમરેલી ખાતે જવું આવવું પડેછે. સીમરણની વાડીએથી એકપણ લાંબા રૂટની એક્સપ્રેસ એસ.ટી.બસનો સ્ટોપ આપવામાં આવતો નથી જેના કારણે સીમરણ, જીરા, બોરાળા, કરજાળા, અને નવાચરખા પાંચ ગામના મુસાફરોને ખૂબજ મુશ્કેલી પડેછે સીમરણ વાડીથી મુસાફરોને એસ.ટી. બસમાં લાંબી મુસાફરી કરવી હોય તો સાવરકુંડલા અથવા તો અમરેલી જવું પડેછે જેમ કે રાજકોટ, જામનગર, દ્વારકા, ભુજ, અમદાવાદ, સુરત, જેવા શહેરોમાં જવું હોય તો એક પણ એક્સપ્રેસ બસનો સ્ટોપ અહીં ન હોવાથી ઘણી મુશ્કેલી સહન કરવી પડેછે આથી સીમરણ ગામના ઉપસરપંચ અને તાલુકા યુવા ભાજપ મહામંત્રી ભરતભાઈ ચોડવડીયા દ્વારા સાવરકુંડલા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા તથા અમરેલી જીલ્લા એસ.ટી.ના વિભાગીય નિયામક ને પાંચ ગામના લોકો વતિ પત્ર પાઠવી એક્સપ્રેસ એસ.ટી. બસનો સીમરણ વાડીએ સ્ટોપ આપવામાં આવે તેવી માંગ કરવામાં આવીછે સાવરકુંડલા તાલુકાના સીમરણની વાડીએ સ્ટોપ આપવામાં આવે તો એસ.ટી. વિભાગને ઘણી ટ્રાફિક પણ મળી શકે તેમ છે.

### આ વર્ષે હજુ વધુ પ્રોજેક્ટ કરવાની ખાતરી સાથે

# અમરેલી રોટરી કલબ સીટીનો પદગ્રહણ સમારંભ યોજાયો

**પ્રમુખ તરીકે શ્રી અનીલ આડતીયા તથા સેક્રેટરી તરીકે શ્રી જીજ્ઞેશ મોદીની નિમણુંક કરવામાં આવી**



અમરેલી,

તા.૨૭.૭.૨૦૨૪ના રોજ છેલ્લાં ૧૬ વર્ષથી અમરેલી શહેરમાં રોટરી કલબ ઓક અમરેલી સીટી. તરીકે વિવિધ સેવાકીય પ્રવૃતિ કરતી સંસ્થાનો પદગ્રહણ સમારંભ હતો. જેમા ડીસ્ટીક નાં આસી.ગર્વનરશ્રી અંબરીષ રાજયગુરૂની હાજરીમાં પ્રમુખ તરીકે રોટ.અનીલ આડતીયા તથા સેક્રેટરી તરીકે રોટ. શ્રી જીજ્ઞેશ મોદીની નીમણુંક કરી શપથ ગ્રહણ કરવામાં આવેલ હતા. આ ઉપરાંત બોર્ડ મેમ્બરની પણ નીમણુંક કરવામાં આવી હતી.જેમાં રોટ.પ્રકાશ સોની- રોટ.મેહુલ દેસાઇ- રોટ.સંજય ભુવા- રોટ.હીરેન મોદી- રોટ.હીતેશ વ્યાસ- રોટ.કેતન પારેખ - રોટ.ડો.તેજશ બંજારાએ શપથ ગ્રહણ કરેલ હતાં. વિવિધ પ્રોજેકટનાં ચેરમેન તરીકે, રોટ.ભાવીન ગઢીયા- રોટ.નીલેશ સોનપાલ- રોટ.રાકેશ વસાણી- રોટ.ભાવેશ ભુતા- રોટ.આનંદ પોપટ- રોટ.કેલાશ પારેખ- રોટ. યથ મસરાણી તથા રોટ.હીતેશ પારેખે શપથ ગ્રહણ કરેલ હતાં. રોટરી કલબ ઓફ અમરેલી સીટી દ્વારા અમરેલી શહેરમાં મુખ્ય પ્રવુતીમાં-અત્યાર સુધીમાં પોલીયોનાં બુથ ઉપર આવેલા ૧૮૦૦૦ થી વધુ બાળકોને પોલીયોનાં ટીપા સાથે રમકડાં વિનામુલ્યે આપવામાં આવેલ છે. આ ઉપરાંત વૃક્ષારોપણ, હૃદયરોગ, નિદાન કેમ્પ, વિવિધ રોગ, કેન્સર નિદાન, બહેરામુંગા બાળકોની શાળામાં કોમ્પ્યુટર લેબ-વિકલાંગોને સાઇકલ વિતરણ- બહેનોને પગભર કરવા માટે સીલાઇ મશીન-સ્કુલોમાં ૨૫૦ થી વધુ બાળકોને બેસવા માટેની બેન્ચ-પુસ્તકો-સ્વેટર-વોટર કુલર તથા ૨૮ થી વધુ શાળામાં પાકા ટોઈલેટ બ્લોક બનાવી આપવામાં આવેલ છે. વર્ષ હજુ વધુ પ્રોજેકટ કરવામાં આવશે તેવું સેક્રેટરી રોટ.જીજ્ઞેશ મોદીની યાદીમાં જણાવ્યું હતું.

### બગસરા તાલુકાના ડેરી પીપરીયાનું ગૌરવ વધાર્યું

# ડેરી પીપરીયાની વિદ્યાર્થીનીએ આઈએસએસએફ રાયફલ શૂટિંગમાં જર્મની ખાતે ગોલ્ડ મેડલ મેળવી

**બગસરા તાલુકા ભાજપ દ્વારા કરવામાં સન્માન આવ્યું**



બગસરા, (રૂપેશ રૂપારેલિયા)આજ રોજ બગસરા તાલુકા ભાજપ કાર્યાલય ખાતે ગોધાણી જેનીશા વિપુલભાઈ ઈન્ટરનેશનલ શૂટિંગ સપોર્ટ ફેડરેશન (ISSF) ૧૭૨ દેશ માં ભારતનો પહેલો રેન્ક જેમાં ૨૬૦ મીટરની રેન્જ માં ૧૩૫ બુલેટ નો ટાર્ગેટ કરીને એવા ગુજરાત રાજ્યના અમરેલી જિલ્લાના અને બગસરા તાલુકા નું નાનકડું એવું ગામ એટલે ડેરી પીપરીયા શ્રી વિપુલભાઈ ધીરુભાઈ ગોધાણી ની સપુત્રી એટલે જેનીશા વિપુલભાઈ ગોધાણી એ રાઈફલ શૂટિંગ જર્મની માં ફર્સ્ટ નંબરે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો તેબદલ આજરોજ તેમનું સન્માન કરવામાં આવ્યું તેમજ અભિનંદન પાઠવ્યાં હતાં.

# અમરેલી વિદ્યા સંકુલના પટાગણમાં વૃક્ષારોપણ કરાયું

**નિત્યમ વિદ્યા સંકુલના ફાઉન્ડર પ્રેસિડેન્ટ શ્રી હસમુખ પટેલના નેતૃત્વમાં આયોજન**



અમરેલી,

આજ રોજ નિત્યમ વિદ્યાસંકુલ અમરેલીના વિશાળ પટાગણમાં લાયન્સ કલબ મેઈન અમરેલી અને નિત્યમ વિદ્યાસંકુલના સંયુકત ઉપકમે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ તકે ફાઉન્ડર ચેરમેન હસમુખ પટેલ દ્વારા પર્યાવરણ રક્ષણ માટે અને આવનારી ભાવી પેઢીમાં વૃક્ષો પ્રત્યે પ્રેમ અને લાગણી જન્મે તેમજ વોર્મીંગના ખતરાથી ભાવી પેઢીના રક્ષણ માટે આ કાર્યક્રમનું આયોજન કરી આવતી કાલના નાગરીકોને વૃક્ષારોપણ જાગૃતિનો સંદેશ આપેલ હતો.

જેમા લાયન્સ કલબના પ્રમખ રાજેશભાઈ વિઠ્ઠલાણી , દિનેશભાઈ ભૂવા, જતીનભાઈ સુખડીયા, રાજુભાઈ ઝાલાવાડીયા, કૌશિકભાઈ હપાણી, ભાવેશભાઈ નાકરાણી, ઘનશ્યમભાઈ શિંગાળા, દિવ્યેશભાઈ તળાવીયા , જીતભાઈ સોંડાગર, બકુલભાઈ ભટ, હર્ષદભાઈ વઘાસીયા, રાજુભાઈ પરીખ, કોટડીયા ખાસ ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટીશ્રી, હરેશભાઈ દેસાઈ, જીગ્નેશભાઈ કયાડા પિયુષભાઈ ગોહિલ , ભાવેશભાઈ ગજેરા તેમજ આચાર્યશ્રી, શિક્ષકગણ અને વિદ્યાર્થી દ્વારા ખૂબ જ જહેમત ઉઠાવી મોટી સંખ્યામાં વૃક્ષો વાવી તેન જતન કરવા પ્રતિજ્ઞા લીધી હતી. આ માટે ચેરમેન શ્રી હસમુખ પટેલે તમામને અભિનંદન પાઠવ્યા હતા.

**ભવાની ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**
A/C તથા NON A/C
ગાડી ભાડે મેળવવા માટે
વ્યાજબી ભાવમાં બ્રાન્ડ ન્યુ
મારૂતી અર્ટીગા (૭ સીટર)
મારૂતી સ્વીફ્ટ ડીઝાયર (૪ સીટર)
સંપર્ક :- ખોડાભાઇ મો.૯૮૨૫૪ ૯૦૫૭૦
લાલભાઇ મો.૯૯૨૪૯ ૯૦૫૭૦

**જગ્યા વેચાણથી આપવાની છે**
બેંક, હોસ્પિટલ, શો-રૂમ લાયક જગ્યા
પહેલો માળ ''અવલકુંજ'' કોમ્પલેક્ષ
જુની કેનેરા બેંકવાળી જગ્યા
સ્થળ : લીલીયા રોડ, પટેલવાડીની સામે, અમરેલી
રસ ધરાવતા વ્યક્તિઓ નીચેના
નંબર પર સંપર્ક કરો
મો.૯૯૨૫૨ ૨૬૬૩૮, ૬૩૫૩૬ ૪૨૪૯૭

A.P.C.C.S
માત્ર ૨૦ જ મીનીટમાં..
ફક્ત ૯.૯૦% ના વાર્ષિક
વ્યાજદરે અને સરળ
પ્રક્રિયા દ્વારા ગોલ્ડલોન
ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો-ઓપ.
સોસાયટી લી. - અમરેલી
''પીપલ્સ ભવન'', ફ્રુટ માર્કેટ
પ્રથમ માળ, ઇન્દીરા શોપીંગ સેન્ટર, અમરેલી
સંપર્ક : (૦૨૭૯૨) ૨૨૦૨૬૪, ૯૪૦૮૫ ૬૨૨૬૪

અમરેલીનું ગૌરવ **હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

**મકાન વેચવાનું છે**
વેસ્ટર્ન પાર્ક સોસાયટી, ચિતલ રોડ, અમરેલી
ચામુંડા કૃપા નામનું તમામ સુવિધાવાળુ
બે માળનું મકાન (બંગલો)
મોકાની જગ્યાવાળુ વેચાણ કરવાનું છે
ખરીદ કરવા માંગતા વ્યકિતએ સંપર્ક કરવો
પી.સી.પરમાર (નિવૃત મામલતદાર)
(દલાલ ભાઇઓ આવકાર્ય છે)
સંપર્ક : મો.૯૮૨૫૯ ૦૬૨૧૨

**બે માળનું મકાન વેચવાનું છે**
રેલ્વે સ્ટેશન સામે, જીવન મુક્તેશ્વર મંદિર પાસે,
સરદાર પટેલ સોસાયટી, અમરેલી
ચાર વસા જમીનમાં, ૨૦૦ ફુટનો દાર, ગેસ
કનેકશન સહિત સંપુર્ણ સગવડતા ધરાવતુ
બે માળનું મોકાનું મકાન કસમાં વેચવાનું છે
સંપર્ક :- મો. ૯૪૨૯૪ ૧૫૯૮૫

**જય માતાજી પેસ્ટ કંટ્રોલ સર્વિસ**
10
નિયંત્રણ
**ઉધઈ**
ફક ઈમ્પોર્ટેડ કેમીકલથી ગેરંટી સાથે
ઉધઈ ટ્રીટમેન્ટ - હાઇટેક પેસ્ટ કંટ્રોલ સર્વિસ
ઉધઈ-માકડ-વાંદા વગેરે દવા છાંટી આપીશું
અજયભાઈ : ૬૩૫૪૮૬૩૫૭૪ / ૬૩૫૪૯૮૪૨૬૧

**શાસ્ત્રી અક્ષયભાઇ એચ.જોષી**
રાંદલ કથા - શાંતિ યજ્ઞ (ગ્રહશાંતિ)
માતાજીનો યજ્ઞ (નવચંડી) - વાસ્તુ (કુંભ સ્થાપન)
પીતૃકાર્ય (નારાયણબલી, પ્રેતબલી)
જ્યોતિષ (જન્માક્ષર, લગ્ન મેળાપક) - લગ્નવિધી
વિષ્ણુયાગ (વિષ્ણુસહસ્ત્રના પાઠ, ગીતાજીના પાઠ)
રૂદ્રયાગ (હોમાત્મક લઘુરૂદ્ર) - લક્ષ્મીયાગ (શ્રીસુક્તના પાઠ)
ઉપરોક્ત ધાર્મિક કાર્ય સંપુર્ણ શાસ્ત્રોક્ત
વિધીપુર્વક કરાવવા માટે સંપર્ક કરો
સંપર્ક : મો.૮૭૫૮૭ ૩૩૨૦૯

**મકાન વેચવાનું છે**
''જોતા જ ગમી જાય તેવુ''
રોડ ટચ, સંકુલની સામે, ચક્કરગઢ રોડ,
અમરેલી. ફુલ ફર્નિચર, પાર્કિંગ સાથે
(ગેસ,ગટર,પાણી કનેકશન)
2BHK મકાન વેચવાનું છે
સંપર્ક : ૯૪૨૯૩ ૫૧૮૭૮, ૬૩૫૧૧ ૭૦૩૪૦

**દુકાન વેચવાની છે**
અમરેલીમાં એસ.ટી. બસ સ્ટેન્ડની
સામે વ્હાઇટ હાઉસમાં
''હરિધામ ટ્રાવેલ્સ વાળી''
અતિ મોકાની દુકાન વેચવાની છે.
સંપર્ક
મો.૯૪૨૭૨ ૬૧૫૬૧

### લોકોને બચાવવા આવ્યા તેને બચાવવા બીજાને બોલાવવા પડે તેવી સ્થિતિ

# અમરેલીમાં પાકીસ્તાન કરતા પણ દુર્ગમ માર્ગ ખાડા પુરવા આવેલ ટ્રેક્ટર જ ગારામાં ફસાયા !

## લોકોએ ગારામાં ચાલવું મુશ્કેલ અને તેમા પણ મચ્છરોનો હાહાકાર લાઠી રોડે પ્રમુખસ્વામી નગર સોસાયટીના રહીશોની હાલત કેવી હશે ?



અમરેલી,(ફીલ્ડરિર્પોટર)

અમરેલી માં લાઠી રોડ પર આવેલપ્રમુખસ્વામી નગરમાં કીચડ અને ગારો હોવાને કારણે લોકોની અવરજવર સરળબનાવવા નગરપાલિકાદ્વારા મોરમ ના ટ્રેક્ટર મોકલવામાં આવ્યા હતા પરંતુ આ ટ્રેક્ટર જ ગારા માં ગરકાવ થઈ ગયા હતા આના ઉપર થી એ ખ્યાલ આવી શકે છે કે, આમાં માણસો કેમ રહેતા હશે? આ કીચડને કારણે અહી મચ્છર જન્ય રોગ નો પણ ઉપદ્રવ છે અને તેમાય સાંજ ના ટાઈમ માં મચ્છરો ખુબ હોય છે.

### જાફરાબાદના શિયાળબેટમાં લો વોલ્ટેજની સમસ્યા

# શીયાળબેટમાં વીજફોલ્ટ શોધવા પીજીવીસીએલ દ્વારા દરિયામાં ખોદકામનો પ્રારંભ કરાયો

## દરિયામાં આવેલા શિયાળ બેટ ટાપુમાં સર્જાયેલી સમસ્યા માટે શ્રી હિરાભાઇ સોલંકીએ કરેલ રજુઆતને પગલે પીજીવીસીએલ દ્વારા કામગીરી શરૂ



જાફરાબાદના શિયાળબેટ માં દરિયા વચ્ચે આવેલો ટાપુ છે આ આ ટાપુ છેલ્લા ઘણા સમયથી અંધારામાં હતું પરંતુ બે વર્ષ અગાઉ અહીં દરિયામાં લાઈન નાખી વીજળીકરણ થયું હતું. થોડા સમય પહેલા અહીં શિયાળબેટમાં લો વોલ્ટેજ આવતા હોય તેવી ફરિયાદ હતી અને કનેક્શન માટે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા ગુજરાત સરકારમાં મંત્રીશ્રીને રૂબરૂ મળી અને રજૂઆત કરી હતી આજરોજ શિયાળ બેટમાં દરિયાની વચ્ચે પીજીવીસીએલ ની લાઈનો ખોદકામ કરવામાં આવી રહી છે અને લો વોલ્ટેજ આવતા હોય તે ક્યાંથી ફોલ્ટ છે તેમ જ કેબલ વાયર મરીન કેબલ વાયર નાખવા માટેની કામગીરી માટે આજે પીજીવી સીએલના અધિકારીઓ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી

રાજુલા,(કનુભાઈ વરૂ)

શીયાળબેટમાં વીજફોલ્ટ શોધવા પીજીવીસીએલ દ્વારા દરિયામાં ખોદકામનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

# ચલાલામાં નગરપાલિકાની ભારે ઘોર બેદરકારીથી ગંદકીના ગંજ ખડકાયા

## પરા પ્રાથમિક શાળા સામે ગંદકીથી બાળકોનું આરોગ્ય જોખમી



ચલાલા,(પ્રકાશ કારીયા)ચલાલા નગરપાલિકાની ઘોર બેદરકારીના કારણે સાટોડીપરામાં આવેલ પરા પ્રાથમિક શાળાના દરવાજાની સામે ગંદકીના ગંજ જામ્યા છે. ભારે દુર્ગંધ આવતી હોય શાળામાં અભ્યાસ કરતા બાળકોના આરોગ્ય સામે ખતરો ઉભો થયો છે. ચોમાસાની ઋતુ હોય જ્યાં ત્યાં ખાડા ખાબોચીયા ભરાતા હોય શહેરમાં મચ્છર જન્ય રોગોનું પ્રમાણ વધતુ જતુ હોય ત્યારે વિશેષ પ્રકારની સફાઈ કરાવવાની હોય તેના બદલે જ્યાં શિક્ષણનું ધામ છે ત્યાં જ ગંદકીના ગંજ જામ્યા છે શાળાના આચાર્ય શ્રી હિમીરભાઈ રાજ્યગુરૂએ પાલિકાના ચીફ ઓફીસરને લેખીત તેમજ મૌખીક રજુઆત અનેકવાર કરી છે છતા કોઈ પરિણામ આવતુ નથી જો ત્રણ દિવસમાં શાળા સામેના ગંજ ઉપાડવામાં નહી આવે તો જિલ્લા આરોગ્ય અધિકારીને રજુઆત કરાશે. અનેક વખત પાલિકાને રજુઆત છતા ઘોર નિંદ્રામાં પોઢી રહેલ છે. ગંદકીને કારણે વાલીઓમાં પણ ભારે રોષ જોવા મળે છે.

### મહારાજા સયાજીરાવ ગાયકવાડની સંસ્કારનગરી એવા

# વડોદરામાં વિશિષ્ટ ચતુર્થ મોતી મહોત્સવ યોજાયો

## મહારાણી શ્રી રાધિકારાજે વડોદરાના વરદ હસ્તે મહોત્સવનું ઉદઘાટન કરાયું



વડોદરા,

સંસ્કારનગરીસયાજીનગરી વડોદરા ખાતે ચતુર્થ મોતી મહોત્સવ તા.૨૭/૨૮જુલાઈ૨૦૨૪નાબેદિવસો માટે મહારાણી ચીમનાબાઈ સ્ત્રી ઉધોગાલયમાં ભવ્યાતી ભવ્ય રીતે ઉજવાય ગયો. વિશિષ્ટને અનોખો આ ચોથો મહોત્સવ ગુજરાતના સાંસ્કૃતિકને ભાતીગળ ઈતિહાસમાં અંકિત થયો છે. ગુજરાતીઓમાં પોતાના ઈતિહાસ સંસ્કૃતિ કલા માટે અભિમાન કે ગૌરવ પેદા નહીંથાય તો તેમની પાસે ગમે તેટલું વિપુલ નાણું હશે તો પણ એ એની કશી કિંમત નથી. પોતાની સંસ્કૃતિ પ્રત્યે સ્વાભિમાન ન ધરાવતી પ્રજાનું રાષ્ટ્રમાં કે વિશ્વમાં ક્યાંય સ્થાન નથી એમ કનૈયાલાલ મુનશી કહેતા હતા. આ જાતના મોતી મહોત્સવથી સર્જક બહેનોની કૃતિને અભિવ્યક્ત થવાનું બળ મળ્યું છે , જેમની સર્જનાત્મકતાને બળ ખીલવાનું પ્લેટફોર્મ મળ્યું છે. હજુ આમાં નવીન વિચારો આવતા એમાં અવનવા ઉમેરણ થશે. સમાજને પણ આદરભાવ ધીરે ધીરે પ્રગટશે કે આ બધા જ બહેનો ખરેખર વિલુપ્ત થતી કલાનું જતન કરી રહ્યા છે. આથી સમયાંતરે આ જાતના મોતીકળા મહોત્સવ દરેક મોટા શહેરોમાં અવશ્ય કરવા જોઈએ. જેનાથી કલા સર્જકોને બળ અને નવા વ્યક્તિત્વને માર્ગદર્શન મળશે, જેમને નવી દિશા સાંપડશે. આ મહોત્સવનું ઉદ્ઘાટન વડોદરાના મહારાણી શ્રી રાધિકારાજે ના હસ્તે કરવામાં આવ્યું હતું તેમણે પોતાની પ્રસનતા વ્યક્ત કરી તમામ સર્જક બહેનોને અભિનંદન પાઠવ્યા હતા અને મનભરીને મહોત્સવમાં હાજર રહી પોતાની કળા પ્રિયતા અને નમ્રતાનો પરિચય કરાવ્યો હતો, આ પ્રસંગે જસદણ સ્ટેટના રાણીસાહેબ અલોકીકારાજે અતિથિવિશેષ પદ શોભાવી મોતી મહોત્સવને અનેરી ગરિમા બક્ષી હતી. આ પ્રસંગે તમામ સર્જક બહેનોનું મોમેન્ટો આપી બહુમાન કરાયું હતું. આ પ્રકારના વિશિષ્ટ મોતી મહોત્સવના પ્રથમ બીજ રોપનાર ઈતિહાસકાર ડો.પ્રદ્યુમ્ન ખાચરને યાદ કરી મોતીકલાને જીવાડવાનું આ અગત્યનું પ્રસ્થાન કે પગલું સર્જક બહેનોએ ગણાવ્યું હતું. એક પછી એક મોતી મહોત્સવ સફળ થવાથી તથા કળાવંત સર્જકોનો ઉત્સાહ વધ્યો હોય એવું સ્પષ્ટ નજરે પડતું હતું. આ પ્રકારના મહોત્સવ તથા મોતીકલાને વિશ્વસ્તરે પહોચાડવા સરકારી સહાય અને મદદની જરૂરીયાત છે.આ મહોત્સવનો મુખ્ય હેતુ વિસરાતી મોતીકલાને આગળ વધારવાનો તથા મોતીકલાના કસબીઓને બિરદાવવાનો તથા તેમને વધુ બળ મળે રોજગારી મળે એ માટેના પ્રયત્નો કરવાનો છે. આ અનોખા અનેરા મહોત્સવથી એમ લાગે છે કે આ ગુણવંતી કલાવંતી બહેનો આ કળાનો કાળ નહીં જ પડવા દે એવો વિશ્વાસ છે. આ મહોત્સવની રહેવા જમવાની અનેરી લાજવાબ વ્યવસ્થા વડોદરા કાઠી ક્ષત્રિય સમાજ વતી પ્રમુખ શ્રી ડી.ડી.ધાધલ અને શ્રી દિલીપભાઈ વાળા તથા તેમની ટીમે કરી હતી તેથી તેઓ સવિશેષ ખાસ અભિનંદનના અધિકારી છે એમ આ મહોત્સવનું આયોજન કરનાર શ્રી લતાબા ચાવડા અને પ્રતિમાબા વાળાની અખબારી યાદીમાં જણાવાયું છે.

### ગુજરાતના ૨૮ હજાર સ્વ-સહાય જૂથની 3 લાખ મહિલાઓને ૩૫૦ કરોડની સહાય અપાશે

ગાંધીનગર,મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યના ગ્રામીણ ક્ષેત્રોના સ્વ-સહાય જૂથ, સેલ્ફ હેલ્પ ગ્રુપની નારીશક્તિ સાથે આવતીકાલે ૩૧ જુલાઈ એસખી સંવાદૃ અંતર્ગત પ્રત્યક્ષ સંવાદૃનો સેતુ ગાંધીનગરના મહાત્મા મંદૃિરમાં આયોજિત કાર્યક્રમથી સાધશે.રાજ્યભરના આવા ૨૮ હજારથી વધુ સ્વ-સહાય જૂથની સભ્ય એવી ગ્રામીણ નારીશક્તિને કુલ ૩૫૦ કરોડ રૂપિયાના લાભ વિતરણ કરવા સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ ગ્રામીણ નારીશક્તિ સાથે વાતચીત પણ કરવાના છે.રાજ્ય સરકારે ગુજરાત લાઈવલી હૂડ પ્રમોશન કંપનીની સ્થાપના કરીને આવી બહેનોના સ્વ-સહાય જૂથોને રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન થકી રિવોલ્વિંગ ફંડ, કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ અને કેશ ક્રેડિટ તથા ટ્રેનીંગ અને કેપેસિટી બિલ્ડીંગની સુવિધા ઉપલબ્ધ કરાવી સફળતાનો રાહ ચિંધ્યો છે.

# પ્રોહીબીશનના મોટા મુદામાલના કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

## જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં કેસ ચાલી જતા આપેલો ચુકાદો



ચલાલા,(પ્રકાશ કારીયા)

બગસરા પો.સ્ટે.માં નોંધાયેલ ગુનામાં ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ ૬૫એઇ, ૧૬બી મુજબની ફરીયાદી દ્વારા ફરીયાદ થયેલ અને ગુનો દાખલ કરેલ જેમાં ફરીયાદની હકીકત એવી જણાવેલ કે મહિન્દ્રા કંપનીની બોલેરો ગાડીમાં પ્રોહીબીશનનો મુદામાલ લઈ આ કામના આરોપી આવતા હોય એવી અમરેલી એલસીબીને ચોક્કસ બાતમી મળેલ જેમાં વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની રીંગપેક કુલ બોટલ નં.૧૧૯૫ જપ્ત કરેલ તથા મોબાઈલ ફોન તથા મહિન્દ્રા બોલેરો ગાડી મળી કુલ રૂા.૩,૬૩,૫૦૦ નો મુદામાલ અમરેલી એલસીબીએ જપ્ત કરેલ અને ત્યાર બાદ આરોપીઓ વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કર્યા બાદ બગસરા કોર્ટમાં ચાર્જસીટ રજુ કરતા અને તે કેસ ચાલી જતા કેસના ફરીયાદી સાહેદો પંચો તથા કેસની તપાસ કરનાર અધિકારીને તપાસતા કેસના અંતે બગસરા કોર્ટ દ્વારા આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ જેમાં આરોપી તરફે વકીલશ્રી વનરાજભાઈ વાળા, એસ.બી. ભગત, જી.પી.ત્રીવેદી, શ્રી દેવાયતકાની દલીલો કોર્ટે ગ્રાહય રાખી હતી.

### સ્ટેટ હાઇવેનો વધુ એક બ્રિજ તૂટ્યો

# ખાંભા મહુવા હાઇવેના બ્રિજના બે ભાગ થયાં : મોટો અકસ્માત થવાની સંભાવના

## ભરડીયાના બ્લાસ્ટિંગના કારણે બ્રિજ જોખમી બન્યો : સ્થાનિક લોકોનો આક્ષેપ

અમરેલી,રાજય ભરમાં બ્રિજ તૂટવાની ઘટનાનો સિલસિલો યથાવત છે અમરેલી જિલ્લામાં આવેલ રાજુલા તાલુકામાં ખાંભા મહુવા હાઈવે ઉપર ભાક્ષી નજીક ધાતરવડી નદી ઉપર આવેલ બ્રિજ અતિ જોખમી બન્યો છે અહીં બ્રિજ વચ્ચે બે ભાગ થયા રીતસર સ્ટેટ હાઈવેના ટુકડા હોવાને કારણે નીચે ધાતરવડી નદી દેખાય રહી છે આસપાસ ભરડીયા હોવાને કારણે મહાકાય ભારે વાહનો ધમધમી રહ્યા છે આસપાસના વાહન ચાલકોમાં પણ ભય છવાયો છે બીજી તરફ હજુ સુધી દ્વારા કોઈ સમારકામ કાર્યવાહી કરવામાં આવી નથી જેના કારણે વધુ જોખમી સ્થિતિ સર્જાય છે સ્થાનિક આસપાસના લોકોનો આક્ષેપ છે અહીં મોટા ભરડીયા ધમધમતા હોવાને કારણે બ્લાસ્ટિંગના કારણે આ બ્રિજની હાલત અત્યંત જોખમી બની છે ગમે ત્યારે મોટો અકસ્માત થવાની શકયતા છે ઉપરાંત સરકાર દ્વારા તાકીદે બ્રિજનું સમારકામ કરવામાં આવે માંગ કરાય છે. ખાંભા મહુવા સ્ટેટ હાઈવે ઉપર અહીં ભાક્ષી, વાવેરા, ધારેશ્વર, આગરિયા, વીજપડી, રાજુલા, સાવરકુંડલા, ખાંભા,મહુવા જતા લોકો આ વિસ્તાર માંથી પસાર થઈ રહ્યા છે ત્યારે હજુ સુધી અહીં કોઈ તંત્રના અધિકારીઓ આવ્યા નથી સતત વરસાદી માહોલ વચ્ચે આ બ્રિજ અત્યંત જોખમી બન્યો છે બીજી તરફ બ્રિજ સામે આવેલ મહાકાય ભરડીયાઓ બ્લાસ્ટિંગ કરી રહ્યા જેના કારણે બ્રિજ ઉપર મોટો અકસ્માત થવાની પુરી શકયતા જોવા મળી રહી છે. અમરેલી જિલ્લામાં માત્ર સ્ટેટ હાઈવે નહિ અગાવ ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે ઉપર ગાબડા બ્રિજ તૂટવાની ઘટનાઓ ભૂતકાળમાં અનેક વખત બની ચુકી છે ત્યારે આજે આ વધુ એક ઘટના સ્ટેટ હાઈવે ઉપર સામે આવી છે.સ્થાનિક પ્રકાશભાઈ જણાવ્યું આખો બ્રિજ ધ્રૂજે છે પુલ આખો પૂરો થય ગયો છે આનું કારણ માત્ર અહીં ભરડીયાના બ્લાસ્ટિંગના કારણે પૂરો થયો છે તંત્ર કોઈનું ભોગ લે તેની રાહ જોવે છે એટલા મોટા બ્લાસ્ટના કારણે બ્રિજની આવરદા પુરી કરી દીધી છે અમારા ડેમની પણ આવી હાલત થવાની છે સ્થાનિક સંદીપભાઈ પીપળીયા ધાતરવડી નદી પર બ્રિજ આવેલ છે આખો પુલ ખભળી ગયો છે બધે તિરાડો પડી ગઈ છે બે ભાડા વચો વચ જોવા મળી રહ્યા છે તાત્કાલિક તંત્ર કામ કરે ઉભા રહયે તો બ્રિજ ધ્રૂજે તંત્ર તાત્કાલિક રીપેરીંગ કરે અથવા નવો બનાવે નહિતર અકસ્માત થશે ઉપરાંત અહીં ડેમ નજીક ભરડિયા ધમધમે જેના કારણે ખુબ મોટું નુકસાન થઈ રહ્યું છે બ્રિજ તો પૂરો થઈ ગયો હવે અમારા ડેમ ના કારણે ખેડૂતોને ખુબ ફાયદો છે પણ ભરડિયાની અસર ડેમ ઉપર થાય છે જે ખુબ જોખમી સાબિત થશે તે નક્કી છે. રાજુલા આરએનબી વિભાગના નાયબ કાર્યપાલક ઈજનર અભિજીતસિંહ ગોહિલએ કહ્યું ભાક્ષી નજીક ઉપર આવેલ બ્રિજ છે તેમાં સ્ટ્ક્ચરને કોઈ નુકસાન નથી અને ૧૦ વર્ષ પહેલા બનાવવામાં આવ્યો છે અમારા વિભાગ દ્વારા ચેક કર્યું છે કોઈ જોખકી પણ નથી એક્સપાન્સ જોઈન્ટ કરવામાં આવશે વધુ સ્થળ તપાસ પણ કરવામાં આવશે.અગાવ ભરડિયાના કારણે ડેમ પર નુકસાન થતું હોવાને કારણે ચિંચાય વિભાગ દ્વારા ખાણ ખનીજ વિભાગને રિપોર્ટ કરતા તાત્કાલિન અધિકારી સુમિત ચૌહાણ દ્વારા એટીઆર લોક કરી કાર્યવાહી કર્યા બાદ ભરડિયા બંધ થયા હતા અંતે ભરડિયાના સંચાલકો કોર્ટના દ્વાર ખખડાવ્યા બાદ ફરી શરૂ થયા છે જોકે તેમાં કેટલાક નીતિ નિયમો પાળવામાં આવતા હોય છે અહીં નિયમો નેવે મુકાયા હોવાની ફરિયાદો ઉઠી છે ગાંધીનગર કેટલાક અધિકારીઓ ની મીઠી નજર હોવાને કારણે સ્થાનિક પ્રાંત અધિકારી મામલતદાર પણ અહીં વિજિટ કરી ચેકીંગ કરવાની હિંમત નથી કરતા જેના કારણે વધુ ધમધમી રહ્યું છે તપાસ કરવામાં આવે તો ઘણું બધું મોટા ભરડિયામાં બહાર આવે તેમ છે તેવું સ્થાનિક ગણગણાટ ચાલી રહ્યો છે.

# રાજુલાના સમસ્ત સાધુ સમાજ દ્વારા પત્રકારનું સન્માન કરાયું



અમરેલી,

રાજુલા સમસ્ત સાધુ સમાજ દ્વારા રાજુલાના કહેવાતા ૧૦૮ ની જેમને રાજુલા શહેર ઓળખે છે એવા રાજુલાના સેવાભાવી યોગેશભાઈ કાનાબારને ન્યૂઝ ચેનલમાં રાજુલા જાફરાબાદ તાલુકાના પત્રકાર તરીકે નિમણૂક થતા રાજુલા સમસ્ત સાધુ સમાજ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર સમાજ દ્વારા તેમને સાલ ઓઢાડી અને શુભેચ્છા પાઠવવામાં આવેલ અને હજુ પણ સેવાકીય કાર્ય સાથે ખૂબ જ નામના તમામ એવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

# અમદાવાદ અને ઓખા વચ્ચે જન્માષ્ટમી સ્પેશિયલ ટ્રેન દોડશે

## જન્માષ્ટમી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો

અમદાવાદ,

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા અને જન્માષ્ટમી તહેવારને ધ્યાનમાં રાખીને અમદૃાવાદૃ અને ઓખા વચ્ચે જન્માષ્ટમી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.પશ્ચિમ રેલવે વિભાગ દ્વારા આપેલ માહિતી અનુસાર ટ્રેન નંબર ૦૯૪૫૩/૦૯૪૫૪ અમદૃાવાદૃ-ઓખા સુપરફાસ્ટ સ્પેશિયલ કુલ ૨ ટ્રિપમાં દૃોડશે. જેમાં ટ્રેન નંબર ૦૯૪૫૩ અમદૃાવાદૃ-ઓખા સ્પેશિયલ ૨૫ ઓગસ્ટ, ૨૦૨૪ રવિવારના રોજ અમદૃાવાદૃથી સવારે ૦૭:૪૫ કલાકે ઉપડશે તથા એ જ દૃિવસે સાંજે ૫:૦૦ કલાકે ઓખા પહોંચશે.

## એપ્રિલ-જૂનમાં સારા વેચાણને કારણે વૈશ્વિક સોનાની માંગમાં જોરદાર ઉછાળો

વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE ▪ SPARE ▪ INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

સ્પે.કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ
પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફલાઇટ બુકિંગ • વિઝા
મિથ્સ હોલીડેઝ
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફ્લોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

૨૪ વર્ષથી વિશ્વાસપાત્ર સ્થળ
Haier Inspired Living | VOLTAS | BLUE STAR | Rockwell | HI-FROST
▪ સરળ હપ્તાની સુવિધા
▪ એક્સચેન્જ ઓફર
▪ કોપરપાઇપમાં પણ ઉપલબ્ધ
કંપની માન્ય ઓર્થો. ડીલર :
તુલસી રેફ્રીજરેશન
છુટક તેમજ હોલસેલ ખરીદવા માટે..
દુ. ૬/૭ - ઓપેરાહાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી
મો.૯૪૨૬૨ ૮૭૦૯૭

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૩૧-૦૭-૨૦૨૪ બુધવાર

# ચા કરતાં કિટલી ગરમ : ભાજપમાં કોઈ ચાહે તો પણ યોગી આદિત્યને હલાવી શકે એમ નથી...!

ઉત્તર પ્રદેશના ભગવાધારી રાજસંસારી યોગી આદિત્યનાથ આજકાલ જે તરંગો વહેતા કરી રહ્યા છે એનાથી ભાજપની તૂટવા લાગેલી વોટબેન્ક અધિક જર્જરિત થવાની શક્યતા હોવાથી ભાજપના મોવડી મંડળ માટે આ નેતા નવી નવી ઉપાધિઓનું નિત્ય કરી રહ્યા છે. તેઓને હવે તો ખ્યાલ પણ રહેતો નથી કે અભિમાનમાં તેઓ શું બોલી રહ્યા છે. અતિક અશરફની હત્યા પછી સોશિયલ મીડિયાએ મોટો ઉપાડો લઈને આદિત્યને હીરો બનાવ્યા છે. આગામી વિવિધ રાજ્ય વિધાનસભાઓની ચૂંટણીમાં એમને પ્રચારાર્થે તો જ ભાજપ લઈ જશે જો એડવાન્સ પરાજય સ્વીકારી લેવામાં આવતો હોય. કે તેમના વાણીવિલાસમાં પારાવાર છબરડાઓના ઝૂમખાઓ હોય છે. મોરારજી દેસાઈના જમાનામાં જે કામ રાજનારાયણ નામનો નેતા કરતો હતો એવા જ ઉચ્ચારણો અત્યારે આદિત્યનાથ કરે છે, જે વિધાનોને કોઈ ન તો પૂર્વાપર સંબંધ હોય છે કે ન તો કોઈ પ્રાસંગિક સંગતતા હોય છે.

હમણાં એક અપરાધી પોલીસમેનને બચાવવા જતા તેમણે ઉત્તર પ્રદેશ સરકારની પ્રતિષ્ઠા નેવે મૂકી દીધી. વિવેક તિવારી નામના એક ખાનગી કંપનીના નોકરિયાતને લખનૌની પોલીસે સાદ કર્યો. પેલાએ સાદ સાંભળ્યો નહિ. યુપી પોલીસે બીજો સાદ કરવાને બદલે સીધી ગોળી મારીને એની હત્યા કરી નાખી. એક સાવ નિર્દોષ નાગરિકની હત્યાથી યુપી પોલીસના હાથ કલંકિત થયા. આ પ્રકરણમાં ભગવાધારી મુખ્યમંત્રીએ પહેલાં જાણે કે કાંઈ બન્યું જ નથી એવું સ્ટેન્ડ લીધું. દરમિયાનમાં તેઓ વારંવાર એવું બોલ્યા કે એન્કાઉન્ટરની નીતિ રાજ્યના કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધારવા માટે યોગ્ય છે પરંતુ વિવેક તિવારી એક નાનો માણસ હતો અને સજ્જન તથા બૃહદ મિત્રવર્તુળ ધરાવતો હતો.

ટૂંક સમયમાં જ એની હત્યાએ આખા ઉત્તર પ્રદેશમાં ઉત્પાત પછી મુખ્યમંત્રી યોગીએ પેલા પોલીસને સસ્પેન્ડ કર્યો. ખરેખર આ ઘટના રાતોરાત નથી બની. ઉત્તર પ્રદેશની પોલીસને આદિત્યનાથે જે છુટ્ટો દોર આપ્યો એનાથી યુપીમાં અપરાધીકરણ તો ઓછું થયું નથી, ઉલટાનું પોલીસતંત્રમાં અપરાધીકરણ પ્રવેશી ગયું છે. એક ઊંટ કાઢવા જતાં એ ઊંટ તો રહ્યું ઉપરાંત બીજું ઊંટ પ્રવેશી ગયું. કારણ કે પોલીસને ગોળી ચલાવીને ફેંસલો સંભળાવી દેવાની જે સત્તા આદિત્યતંત્રએ આપી તેના રાજ્યમાં ભયાનક પરિણામો દેખાવા લાગ્યા છે. ઉત્તર પ્રદેશની પોલીસે છેલ્લા દોઢ વરસમાં ઉપરાઉપરી એન્કાઉન્ટરો કર્યા છે. વ્યર્થ ફોજદારીના રૂઆબમાં યુપી પોલીસનું અભિમાન પરાકાષ્ઠાએ પહોંચ્યું છે. લખનૌની ઘટના પછી આદિત્યગામી એક પ્રધાને તો એમ જાહેર કર્યું કે પોલીસની ગોળી તો ગુનેગારને જ વાગે છે.

એનાથી ફરી ઉત્તર પ્રદેશમાં દેખાવો થયા, રેલીઓ નીકળી અને ભાજપ સરકાર પરત્વેની અપ્રિયતા વધી. રાષ્ટ્રીય માનવાધિકાર પંચે ઉત્તર પ્રદેશના કુલ સોળથી વધુ એન્કાઉન્ટરોની નવેસરથી તપાસ કરવાનો નિર્ણય કર્યો છે. યુ.પી. પોલીસને એન્કાઉન્ટર દ્વારા બઢતી અને પુરસ્કારો મેળવવાનો પણ ચસકો લાગ્યો છે. યોગી આદિત્યનાથ ભગવા ઓછા ખાખી વધુ હોય એવી લોકોમાં છાપ પડી છે કારણ કે છેલ્લા સપ્તાહમા બે હિન્દુ મંદિરોની પ્રાણ પ્રતિષ્ઠા- મૂર્તિ પ્રતિષ્ઠા વિધિમાં જવાનો છેલ્લી ઘડીએ ઈન્કાર કરી દીધો હતો અને એ જ દિવસોમાં તેઓ ત્રણ નાના નાના પોલીસ સ્ટેશનના નવા મકાનના લોકાર્પણમાં સમયસર પહોંચી ગયા. આજકાલ મુખ્યમંત્રી યોગી અયોધ્યામાં રામ મંદિર કરવા સંદર્ભે પણ સતત વિવાદાસ્પદ બયાનબાજી કરી રહ્યા છે. આગામી લોકસભાની ચૂંટણીમાં પણ તેઓનો પ્રચાર કાર્યક્રમ જો ગોઠવાશે તો તેમની હવે લથડતી જીભ ભાજપને પૂરેપૂરું નુકસાન કરશે.

જો કે ભાજપની પ્રવૃત્તિઓ અને નીતિ જ એવી થઈ ગઈ છે કે એને હવે હરીફો કે શત્રુઓની જરૂર નથી. ભાજપના પોતાના જ જ ભાજપને ભારે પડી રહ્યા છે. જે આદિત્યનાથ એક સમયે ભાજપના સ્ટાર પ્રચારક ગણાતા હતા. તેમની જિહવા વારંવાર લપસતી રહેવાથી એમનો સિતારો હવે આથમવા લાગ્યો છે. યોગી માટે સૌથી મોટુ સંકટ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ છે. એમની હાલત ભાજપમાં રહેવું ને સંઘ સાથે વેર કરવાની છે, કારણ કે શરૂઆતથી ગુરુ ગોરખનાથ ગાદી સંસ્થાનના સેવકો- કાર્યકરો અને સંઘના પરિચાલક પરિબળો વચ્ચે સંઘર્ષ થતો આવ્યો છે. હવે એ સંઘર્ષ આગળ વધી ગયો છે અને સંઘના કાર્યકરો અને ગાદી સંસ્થાનના સેવકો પોલીસ સ્ટેશન તથા અદાલતના ધક્કા ખાવા લાગ્યા છે.

આદિત્યનાથે અખિલેશ યાદવના સત્તાકાળની ઘણી ફાઈલો ઉથલાવી પરંતુ દેશભરનું ધ્યાન દોરી શકાય કંઈ એમને હાથ લાગ્યું નહિ. ક્યાંક થોડાક કરોડ રૂપિયાનું ઓવર પેમેન્ટ અખિલેશ સરકારે કર્યું હતું જે નોટિસો આપવાથી બિલ્ડરોએ સરકારી તિજોરીમાં પાછું જમા કરાવી દીધું છે. યોગીની દિનચર્યા અને તેમના કાર્યક્રમો આજકાલ એવા થઈ ગયા છે જાણે કે તેમની પાસે કોઈ એજન્ડા જ નથી. ઉત્તર પ્રદેશનું પ્રવાસન પણ આડેધડ છે. પોતે સત્તા પર આવ્યા ત્યારે જે વિઝનરી વાતો કરતા હતા એમાંનો કોઈ અમલ શરૂ થયો નથી. જ્યારે યોગીને અઘરા પ્રશ્નો પૂછવામાં આવે છે ત્યારે તેઓ પક્ષને આગળ ધરે છે. યશ પોતે લેવા ચાહે છે અને બદનામી ભાજપના ભાગે ટ્રાન્સફર કરે છે, જો કે એ તો ચિલો જ પડી છે, કારણ કે ભાજપનો ભાર બની ગયેલા આવા બહુસંખ્ય નેતાઓ હજુ ભાજપમાં વિદ્યમાન છે.

# સાવરકુંડલાના થોરડીમાં અંધ વિદ્યાલયના વિદ્યાર્થીઓને મોબાઇલ અને કિટ વિતરણ

## જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી આર. બી. ખેર એ સંસ્થાની મુલાકાત લીધી

સાવરકુંડલા,
સાવરકુંડલા તાલુકાના ખાતે આવેલ નિવાસી અંધ વિદ્યાલયના વિદ્યાર્થી ઓને મોબાઈલ અને કીટ વિતરણ કરવામાં આવી હતી આતકે અમરેલી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી આર.બી.ખેર દ્વારા નિવાસી અંધ વિદ્યાલય થોરડીની માસિક મુલાકાત તથા નિરીક્ષણ યોજાયું હતું જેમના દ્વારા શાળાની વ્યવસ્થા તપાસી બાળકોને યોગ્ય માર્ગદર્શન આપી નવા પ્રવેશ પામેલ બાળકોને કીટ વિતરણ તેમજ તરફથી મળેલ મોબાઈલનું વિતરણ કરવામાં આવ્યું હતું આતકે સાથે રહેલ કચેરીના સ્ટાફ બટેમજ વાણીયાભાઈ તથા પ્રતિકભાઈ સાવલિયા ઉપસ્થિત રહ્યા હતા.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૩૧.૭.૨૦૨૪ બુધવાર ,સંવંત ૨૦૮૦ અષાઢ વદ અગિયારસ, કામિકા એકાદશી, રોહિણી નક્ષત્ર , ધ્રુવ યોગ, કૌલવ કરણ આજે રાત્રે ૧૦.૧૫ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ વૃષભ (બ,વ,ઉ) ત્યારબાદ મિથુન (ક,છ,ઘ)રહેશે.

### આજરોજ બુધવાર ને કામિકા એકાદશી છે

આજરોજ બુધવાર ને કામિકા એકાદશી છે, કામિકા એકાદશી કામના પૂર્ણ કરનાર એકાદશી છે આ એકાદશીનું વ્રત શ્રદ્ધાથી કરવાથી કામના પૂર્ણ થાય છે અને પાપનો ક્ષય થાય છે આ દિવસે કૃષ્ણ પરમાત્મા અને ભગવાન વિષ્ણુ અને શાલિગ્રામની તુલસીદલ થી પૂજા કરવી જોઈએ અને શ્રદ્ધા પૂર્વક કૃષ્ણ મંત્ર કરવા જોઈએ જેથી કામનાપૂર્તિ થાય છે. અગાઉના અંકમાં આપણે પ્રશ્ન કુંડલી વિષે વાત કરેલી જયારે વ્યક્તિના મનમાં કોઈ પશ્ન ઉદભવે ત્યારે ઘણી પદ્ધતિઓ શાસ્ત્રમાં વર્ણવેલી છે જેના આધારે પ્રશ્નનો ઉત્તર મેળવી શકાય છે જેમાં જે તે સમયના ગોચર ગ્રહો સાથે પ્રશ્નકુંડલી મૂકી અને જવાબ આપી શકાય છે જેમાં ઉદિત લગ્ન લગ્નેશ અને જે ભાવ સબંધી પ્રશ્ન હોય તે ભાવ



મહત્વનો ગણાય છે જેમકે એક સજ્જનને સંતાન સબંધી પ્રશ્ન હતો જે માટે લગ્નની સાથે પંચમ ભુવન અને તેના સ્વામીને તપાસવા જોઈએ જેમાં લગ્ન અને લગ્નેશની ભૂમિકા સકારાત્મક હતી માટે સંતાન અંગે જવાબ પોઝિટિવ હતો પણ પંચમેશ ગુરુ ખાડે હતા જેથી રુકાવટ આવતી હતી આ સજ્જન અને તેમના ધર્મપત્નીને સંતાન ગોપાલ મંત્ર સાથે ગુરુના મંત્ર અને પ્રયોગ કરવા જણાવ્યું જેથી સંતાન વિષયક રુકાવટ દૂર થઈ અને તેમને સંતાન પ્રાપ્તિ થવા પામી. આમ જે ભાવ સબંધી પ્રશ્ન હોય તે ભાવ અને તેના સ્વામી તથા ત્યાં બેઠેલા ગ્રહ વિગેરે તપાસી ને સારું પરિણામ મેળવી શકાય છે!----જ્યોતિષાચાર્ય મો.૭૯૯૦૫૦૦૨૮૨

મેષ (અ,લ,ઈ) : આર્થિક બાબતો માં સારું રહે, બેન્ક બેલેન્સ વધારી શકો. નાણાકીય લેવડ દેવડમાં લાભ થાય પરંતુ યોગ્ય રીતે હિસાબ રાખવો જરૂરી બનશે.

વૃષભ (બ,વ,ઉ) : સવારથી તમારા મનમાં અનેક નવા કાર્યની સૂચિ આવી શકે છે અને તમે તમારા પ્રયત્નથી તમામ કાર્ય સારી રીતે પૂર્ણ કરી શકો, પ્રગતિકારક દિવસ રહે.

મિથુન (ક,છ,ઘ) : ગોચર ગ્રહો મુજબ જોઈએ તો બારમે ચંદ્રમા મનને થોડું દ્વિધામાં રાખે છે વળી ખર્ચ પર અંકુશ રાખવો હિતાવહ છે ,આવક જાવક નો હિસાબ રાખવો જરૂરી બને.

કર્ક (ડ,હ) : થોડા સમયથી તમને કેટલીક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હશો પરંતુ હવે ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણ માં આવે, દિવસ લાભદાયક રહે.

સિંહ (મ,ટ) : જે મિત્રો વ્યવસાય બાબતે પરેશાન થાય છે તેમને રસ્તો મળતો જોવા મળે, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો અવસર આવી શકે છે. દિવસ લાભદાયક રહે.

કન્યા (પ ,ઠ ,ણ ) : આજના દિવસે તમારે મન પાસેથી ઘણું કામ લેવાનું રહેશે , પોઝિટિવ વિચારો થી ખુબ લાભ મળે, આગળ વધવાની તક મળે.

તુલા (ર,ત) : પ્રણયમાર્ગે ચાલનારા માટે સારા સમાચાર આવી શકે , વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે, દિવસ ખુશનુમા વીતે .

વૃશ્ચિક (ન,ય ) : નવા અભ્યાસ કે જ્ઞાનને લગતી બાબતોમાં સારું રહે , ઉચ્ચ અભ્યાસ કરવા ઇચ્છતા મિત્રો માટે સારી તક આવે, પ્રગતિ થાય.

ધન (ધ ,ભ ,ફ ,ઢ ) : અંગત વ્યક્તિ સાથે મતભેદ થઈ શકે છે વળી હિતશત્રુઓ થી સાવધ રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે.

મકર (ખ ,જ ) : વિદ્યાર્થીવર્ગ ને ઉચ્ચ અભ્યાસ માં સફળતા અપાવતો શુભ દિન. યાદશક્તિ અને એકાગ્રતા વધારવા માટે ધ્યાન કરવું જરૂરી બનશે.

કુંભ (ગ ,સ,શ ) : આજના દિવસે તમારા રસના વિષયો માં આગળ વધી શકો વળી નવી વસ્તુની ખરીદી થાય, દિવસ આનંદ માં પસાર થાય.

મીન (દ ,ચ ,ઝ ,થ) : આજના દિવસે તમે બનાવેલા સબંધો તમને કામ લાગશે , ભાઈ ભાંડુ સુખ સારું રહે, અંગત મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.

### ઇન્સ્ટાગ્રામ ઉપર વિડીયો કોલ કરી તેનું સ્ક્રીન રેકોર્ડીંગ કરી

# મોટા રિંગણયાળાની યુવતિને ન્યુડ ફોટા બતાવી બિભત્સ માંગણી કરી

## ફોટા વાયરલ કરી પ્રતિષ્ઠાને હાની પહોંચાડવા બિભત્સ માંગણી કર્યાની અમરેલી સાયબર ક્રાઇમ પોલીસમાં ફરિયાદ

અમરેલી, (ક્રાઇમરિપોર્ટર)
રાજુલા તાલુકાના મોટા રિંગણયાળા ગામની યુવતિને ઈન્સ્ટાગ્રામ આઈડી રવિના૦૨૭૫ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બનાવનાર ધારકે સોશ્યલ મિડીયાના તથા ઈન્ટરનેટના માધ્યમથી યુવતિના મિત્રની ખોટી ઓળખ આપી ફરિયાદીને વિડીયો કોલ કરી ન્યુડ ફોટો બતાવી વિડીયો કોલનુ સ્કીનરેકોર્ડિંગ કરી બિભત્સ માંગણી કરી ફોટ વાયરલ કરી પ્રતિષ્ઠાને હાની પહોંચાડવાના બદ ઈરાદે ફેક આઈડીમાંથી બિભત્સ માંગણી કરી ગુનો કર્યાની અમરેલી સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### જમીનમાં ભાગ માટે લોન ભરેવાનું કહેતાં

# રાજુલા નજીક કુંડલીયાળા ગામે પરિવારજનો ઉપર હુમલો કર્યો

## ભાઇએ ઝઘડો કરી પરિવારજનો ઉપર હુમલો કર્યો

અમરેલી, (ક્રાઇમરિપોર્ટર)
રાજુલા તાલુકાના કુંડલીયાળા ગામે રહેતાં સોનલબેન ગૌતમભાઇ ગૌસ્વામી ઉ.વ.ઉપના સસરાએ તેની જમીનમાં લોન લીધેલ હોય જે લોન ફરિયાદીના પતિ ગૌતમભાઇ તથા તેના નાના દિયર મધુભાઇએ ભરી જમીન વાવત હોય અને સામે વાળા મહેશ કેશુભાઇ ગૌસ્વામીએ કહેલ કે મને જમીનમાં ભાગ આપો જેથી ફરિયાદીના પતિ ગૌતમભાઇએ કહેલ કે અમે રૂા. ૩,૭૫,૦૦૦ની લોન ભરેલ છે. જેમાં તું ભાગ આપ તો તને તારો ભાગ આપીએ જેથી મહેશે ઉશ્કેરાઇ જઇ ગાળો બોલી ફરિયાદીના નાના દિયર મધુભાઇએ ગાળો બોલવાની ના પાડતાં તેના ઢીકાપાટુનો મારમારતાં ગૌતમભાઇએ સામાવાળાને પકડી લેતાં ગૌતમભાઇ સાથે ઝઘડો કરવા લાગતાં ફરિયાદી સોનલબને વચ્ચે પડતાં તેમના પેટના ભાગે પાટા મારી મુંઢ ઈજા કરી ગુનો કર્યાની ડુંગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### ચાલવા નિકળેલ પતિ-પત્ની અનેભત્રીજીને

# જાફરાબાદ નજીક ટીંબી હાઇવે ઉપર ફોરવ્હીલે હડફેટે લેતા ગંભીર ઇજા

## ત્રણેયને ફેકચર કરી ગંભીર ઇજા પહોંચાડી નાસી ગયાની ફરિયાદ

અમરેલી, (ક્રાઇમરિપોર્ટર)
જાફરાબાદ તાલુકાના ટીંબી ગામે સોમનાથ દાબેલી દુકાન સામે નેશનલ હાઈવે રોડ ઉપર લક્ષ્મીબેન સુરેશભાઇ વાજા ઉ.વ.૪૦ તથા તેના પતિ સુરેશભાઇ અને જેઠના દિકરી પ્રવિણાબેન ત્રણેય ઘરેથી જમીને રોડ પાસે ચાલવા નિકળેલ હતાં. ત્યારે ટીંબી ગામે ઉના-ભાવનગર નેશનલ હાઈવે રોડ પાસે આવેલ સોમનાથ દાબેલીની દુકાન પાસે પહોંચતા ઉના તરફથી આવતી ઈકો ફોરવ્હીલ જીજે ૦૩ એલએમ ૬૪૪૭ના ચાલકે પુર ઝડપે અને બેફિકરાઇથી ચલાવી માણસની જીંદગી જોખમાઇ તે રીતે ચલાવી લક્ષ્મીબેન અને તેના પતિ સુરેશભાઇ તેમજ જેઠના દિકરી પ્રવિણાબેન સાથે ભટકાવી રોડ ઉપર પછાડી દઈ લક્ષ્મીબેનને જમણા પગમાં અને ડાબા હાથમાં ફેકચર કરી પતિ સુરેશભાઇને બંને પગમાં ફેકચર કરી શરીરે નાની મોટી ઈજાઓ કરી જેઠના દિકરી પ્રવિણાબેનને માથામાં ગંભીર ઈજા કરી નાસી ગયાની નાગેશ્રી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ખાંભાના જામકા ગામે બે પરિવારજનો વચ્ચે બોલાચાલી થતાં મારામારી સર્જાઇ

## બડીયા તેમજ છુટા પથ્થરના ઘા મારી ઇજા કરી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઇમરિપોર્ટર)
ખાંભા તાલુકાના જામકા ગામે રહેતાં મંગાભાઇ આપાભાઇ સરવૈયા ઉ.વ.૫૦ તથા નથુભાઇ આપાભાઇ સરવૈયા સગા ભાઈઓ થતાં હોય અને ફરિયાદીના દિકરાની પત્ની જાન્વીબેન સાથે આરોપીના દિકરાએ બોલાચાલી કરેલ હોય જેથી તે પોલીસસ્ટેશન ફરિયાદ કરવા માટે ગયેલ જેનું મનદુઃખ રાખી નથુ આપાભાઇ અને તેમના પત્ની મણીબેન નથુભાઇ સરવૈયાએ ઘર સામે રસ્તામાં આવી જેમ ફાવે તેમ ગાળો બોલી નથુએ મંગાભાઇને જમણા પગે તથા કેડના ભાગે છુટા પથ્થરના ઘા મારી મુંઢ ઈજાઓ કરેલ આ વખતે દાનાભાઇ વચ્ચે પડતા તેને પણ આરોપીઓએ મુંઢ મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામાપક્ષે નથુભાઇ આપાભાઇ સરવૈયા ઉ.વ.૬૦ તથા સામાવાળા મંગાભાઇ આપાભાઇ સરવૈયા સગાભાઇઓ થતાં આરોપીઓએ અગાઉ નથુભાઇ સાથે ખેતર બાબતે બોલાચાલી કરેલ હોય. જેનુ મનદુઃખ રાખી મંગાભાઇના પત્ની જાન્વીબેન ફરિયાદીના દિકરા ભુપતભાઇએ પણ બોલાચાલી કરેલ જેનું મનદુઃખ રાખી ગાળો બોલી લાલા મંગાભાઇ સરવૈયાએ ફરિયાદીને શરીરે તથા બન્ને હાથે અને વાંસાના ભાગે મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# જુનાગઢમાં છેતરપિંડીનો ગુનો દાખલ કરાયો

જુનાગઢ, ફરી એક વાર જૂનાગઢના એક સ્વામી વિવાદમાં આવ્યા છે, જે.કે.સ્વામી વિરૂધ્ધ ગુનો નોંધાતા ચકચાર મચી ગઈ છે. જે.કે.સ્વામી વિરૂધ્ધ પોલીસમાં છેતરપિંડીનો ગુનો દાખલ થયો છે. જે.કે.સ્વામી સામે સુરતના કોર્પોરેટર અને પાણી સ્મિતિના ચેરમેન સામે છેતરપિંડી કરી હોવાનો આરોપ છે. જેમાં જે.કે.સ્વામીએ ૭૦૦ વીઘા જમીન ખરીદવાના નામે ૧ કરોડ પડાવ્યા હોવાનું કહેવાય છે. એક ગુરૂકુળના પ્રોજેક્ટ માટે જમીન ખરીદવાના નામે તેમણે રૂપિયા પડાવ્યા હતા. આ છેતરપિંડીનો ભોગ ભાજપના કોર્પોરેટર હિમાંશુ રાઉલડી બન્યા હતા. આ અંગે સુરત ક્રાઈમ બ્રાંચમાં ગુનો દાખલ થયો છે. સુરેશ શાર્દુલ અને જે કે સ્વામી સહિતનાઓ સામે ગુનો નોંધાયો છે.

# સાવરકુંડલાના પીઠવડી ગામે વૃધ્ધાએ ઝેરી દવા પી જતાં સારવાર માટે દવાખાને ખસેડાઇ

## દિકરાએ દારૂ પી બોલાચાલી કરતાં લાગી આવતા પગલુ ભર્યુ

અમરેલી, (ક્રાઇમરિપોર્ટર)
સાવરકુંડલા તાલુકાના પીઠવડી ગામે રહેતાં હંસાબેન શામજીભાઈ મહિડા ઉ.વ.૬૦નો દિકરો દારૂ પી ઘરે આવી પોતાના માતા સાથે બોલાચાલી કરતાં તેમને લાગી આવતાં ઝેરી પાઉડર પી જતાં સારવાર માટે દવાખાને ખસેડવામાં આવેલ.

# અમરેલી જિલ્લામાં બે વાહનચાલકો સહિત પાંચ શખ્સો નશો કરેલ હાલતમાં ઝડપાયા

## પોલીસે જિલ્લામાં બે સ્થળોએ દેશીદારૂના દરોડા પાડી ત્રણ શખ્સોને મુદામાલ સાથે ઝડપી પાડયા

અમરેલી, (ક્રાઇમરિપોર્ટર)
અમરેલી જિલ્લામાં પોલીસે જુદા જુદા સ્થળોએથી બે વાહનચાલકો સહિત પાંચ શખ્સોને નશો કરી ઢીંગલી થયેલ હાલતમાં ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં સાવરકુંડલા રૂરલ, અમરેલી, વંડા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. જયારે પોલીસે દામનગરના શાખપુર અને સાવરકુંડલાના ગીરધરવાવ પાસેથી દેશીદારૂના દરોડા પાડી ત્રણ શખ્સોને મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં.

# અમરેલીમાં માતૃશ્રી મોંઘીબા મહિલા કોલેજમાં કવિશ્રી ઉમાશંકર જોષીની જન્મજયંતિ ઉજવાઇ

## કોલેજમાં સાહિત્ય સંગોષ્ઠી, કાવ્યગાન સહિતની કૃતિઓ રજુ કરવામાં આવી




અમરેલી,
અમરેલી જિલ્લા વિધ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ-અમરેલી ખાતે તા. ૨૨/૦૭/૨૦૨૪ ના રોજ ગાંધી યુગના મુર્ધન્ય કવિશ્રી ઉમાશંકર જોશીની ૧૧૪ મી જન્મ જયંતિની 'સાહિત્ય સંગોષ્ઠી' નામે ઉજવણી કરવામાં જે અન્તર્ગત ગુજરાતી વિભાગના અધ્યક્ષા ડો. અરૂણાબેન પટેલે હાજર રહેલ મહેમાનો તથા સ્ટાફગણ અને વિદ્યાર્થિનીઓનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો. બી. આર. ચુડાસમા પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. આજના પ્રસંગે ગુજરાતી વિભાગના અધ્યાપક સહાયક ડો. નિરૂપાબેન ટાંક દ્વારા કવિશ્રી ઉમાશંકર જોશીની સાહિત્યયાત્રાનો પરિચય આપ્યો હતો. વિદ્યાર્થિનીઓ દ્વારા ઉમાશંકર જોશીના જીવન, કવન, કાવ્ય પઠન, કાવ્યગાન તેમજ એકાંકીનું વાચિકમ રજૂ કરવામાં આવેલ. જે અન્તર્ગત સોંદરવા ઢાર્દિકા અને લીંબાસીયા ઉર્મિએ કાવ્યગાન, મુંગળપરા રોમાન્સીએ કાવ્યપઠન, પરમાર નિરાલી પઠાણ સુનેરા, બસિયા ઉર્મિલા એ ઉમાશંકર જોશીના જીવન અને કવનનો પરિચય આપ્યો હતો. આ સાથે વાઘેલા ઉર્મિલા , ભાસ્કર મિતલ, પરમાર ધંધુકિયા રિધ્ધિ, મુગળપરા રોમાન્સી, દાફડા ચંદ્રિકા અને ગોસાઈ ભૂમિકા દ્વારા 'હવેલી' નામક એકાંકીનું વાચિકમ રજુ કરવામાં આવ્યુ હતું કાર્યક્રમના અન્તે આભાર દર્શન હિન્દી વિભાગના અધ્યક્ષ પ્રા.ડો. ગીરીશ વેલિયતે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન કોલેજની વિદ્યાર્થિની ખાખડીયા હિનાન્દ્વારા કરવામાં આવેલ હતું. સમગ્ર કોલેજ સ્ટાફગણ અને વિદ્યાર્થિનો તથા હાજર મહેમાનો દ્વારા ઉમાશંકર જોશીને શબ્દરૂપી યાદ કરી સાહિત્યિક વંદના કરવામાં આવી હતી. આજના આ કાર્યક્રમ બદલ અમરેલી જિલ્લા વિધસભાના પ્રમુખ માન.શ્રી વસંતભાઈ ગજેરા, મંત્રીશ્રી મનસુખભાઈ ધાનાણી, શ્રી ચતુરભાઈ ખૂંટ તથા કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો. બી. આર. ચુડાસમા સાહેબે તેમજ વિદ્યાસભા કેમ્પસ ડાયરેકટરશ્રી વસંતભાઈ પેથાણી અને સમગ્ર કોલેજ સ્ટાફ અભિનંદન શુભેચ્છાઓ પાઠવેલ.

# સાવરકુંડલામાં નબળી ગુણવતાના યુરિન ડબ્બા મુકાયા

## યુરિનના ડબ્બાઓ શોભાના ગાંઠિયા રૂપ બનશે ?


સાવરકુંડલા,

સાવરકુંડલા તંત્ર દ્વારા થોડાક સમય પહેલા જ આ રમકડાના જાહેર યુરીન ડબ્બા મુકવામાં આવેલા હતા. પરંતુ નબળું ગુણવંતાના હોવાથી તેમના દરવાજા નીકળી ગયા છે. આ યુરિન ડબ્બા નદી બજાર માં શાક ભાજી ની ખરીદી કરવા આવતા ભાઈઓ તેમજ બહેનો તેમજ આજુ બાજુના વેપારી વર્ગ ને ઉપયોગી માટે મુકવામાં આવ્યું હતું... પરંતુ થોડાજ સમયમાં દરવાજા નીકળી પણ ગયા.... પ્રજાના સુખાકારી માટે તંત્ર સાવરકુંડલા ની જનતા માટે ક્યારે આગળ આવશે.

# અમરેલી જિલ્લામાં પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ (પી. એમ. કિસાન) યોજનાનો લાભ લેવા અનુરોધ કર્યો

અમરેલી, અમરેલી જિલ્લામાં પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ (પી.એમ.કિસાન) યોજના હેઠળ ખેતીની જમીન ધરાવતા ખેડૂત ખાતેદારને પ્રતિ વર્ષ રુ. ૬,૦૦૦ (ત્રણ સમાન હપ્તામાં) તેમના ખાતામાં-ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડી.બી.ટી.)થી ચૂકવવામાં આવે છે. કેન્દ્ર સરકારની વર્તમાન સૂચના અનુસાર આ યોજનામાં સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને ફરજિયાત પોતાના પી.એમ.કિસાન ખાતામાં ત્રણ વિગતો અપડેટ કરાવવી જરુરી છે. આ વિગતોમાં (૧) લેન્ડ સીડિંગ (જમીનની વિગતો) અપડેટ કરાવવી, (૨) બેંક સાથે આધાર સીડિંગ અને ડી.બી.ટી. ઈનેબલ કરાવવું અને (૩) ઈ-કે.વાય.સી. જે ખેડૂતોને પી.એમ.કિસાનની સહાય મળતી બંધ થઈ ગઈ હોઈ તેવા ખેડૂતોએ આ ત્રણ વિગત અપડેટેડ છે કે નહિ તે ચેક કરવાનું રહેશે, જે મહત્વનું છે. લાભ મેળવતા ખેડૂતે પી.એમ.કિસાન વેબસાઈટ પર જઈને આ વિગતો ચેક કરી લેવાની રહેશે. અથવા આ માટે ગ્રામ પંચાયતના વી.સી.ઈ. મારફત અથવા ગ્રામ સેવકની સહાય તેમના મારફત આ વિગતો ચેક કરાવી શકાય છે. જો ઉપરોક્ત ત્રણ વિગતની સામે ર્શ/ ઈઈવઈભ્ઈઘબતાવે તો લેન્ડ સીડિંગ (જમીનની વિગતો) અપડેટ કરાવવા માટે સંબંધિત તાલુકાઓની તાલુકા પંચાયત કચેરીનો સંપર્ક કરવો. બેંક સાથે આધાર સીડિંગ કરાવવા અને ડી.બી.ટી. ઈનેબલ માટે આપનું બેંક ખાતું હોઈ તે બેંકનો સંપર્ક કરી શકાશે અથવા જે-તે નજીકની ઈન્ડિયન પોસ્ટ પેમેન્ટ બેંક (પોસ્ટ ઓફીસ) નો સંપર્ક કરીને આધાર લીંક બેંક એકાઉન્ટ ખોલાવી શકાશે.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૮૫૨ થી ૧૫૬૭ મગફળી ૧૦૬૬ થી ૧૨૭૨

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૦૦૦-૧૧૬૧
શિંગમોટી-૧૦૬૬-૧૨૭૨
મગ-૧૨૨૦-૧૫૩૫
તલસફેદ-૧૭૨૦-૨૬૨૧
તલકાળા-૨૮૭૦-3333
એરંડા-૧૦૧૦-૧૧૫૭
ઘઉંટુકડા-૪૫૯-૬૦૩
ઘઉંલોકવન-૪૯૪-૫૭૧
બાજરો-૪૧૧-૫૦૮
ચણા-૧૧૪૫-૧૩૧૭
કપાસ-૮૫૨-૧૫૬૭
જુવાર-૪૭૬-૮૦૨
જીરૂ-૪૭૦૦-૪૭૦૦
ધાણા-૯૦૦-૧૧૭૫
સોયાબીન-૭૪૫-૮૨૭
મેથી-૯૬૦-૧૦૩૬
રજકાનુંબી-૨૮૯૦-૫૦૧૦
કાંગ-૯૦૦-૯૦૦

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૦૦-૫૧૦
રીંગણા-૧૫૦-૨૫૦
ફલાવર-૪૦૦-૫૦૦
કોબીઝ-૪૦૦-૬૦૦
ટમેટાં-૮૦૦-૧૦૦૦
ફોદીનો-૮૦૦-૧૦૦૦
ગાજર-૪૦૦-૫૦૦
ગલકા-૩૦૦-૪૦૦
કાકડી-૩૦૦-૫૦૦
ગુવાર-૧૪૦૦-૧૬૦૦
દુધી-૧૫૦-૨૫૦
તુરીયા-૫૦૦-૭૦૦
ભીડો-૫૦૦-૭૦૦
આદુ-૧૨૦૦-૧૪૦૦
કોથમીર-૭૦૦-૮૦૦
મેથીભાજી-૭૦૦-૮૦૦
ટીંડોરા-૪૦૦-૫૦૦
લીમડોમીઠો-૧૩૦-૧૬૦
મરચાલીલા-૭૦૦-૮૦૦
લસણસુકું-૨૦૦૦-3000
લીંબુ-૬૦૦-૮૦૦
પાલક-૮૦૦-૯૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૬૦-૫૨૦
જુવાર-૪૫૫-૭૭૧
ઘઉં-૪૯૭-૫૭૦
જીરૂ-૪૭૦૧-૪૭૦૧
ચણા-૧૨૬૬-૧૨૬૬
તલસફેદ-૨૧૦૦-૨૬૧૦
મગ-૧૬૦૦-૧૬૦૦
મઠ-૧૩૦૦-૧૩૦૦
કપાસ-૧૧૫૦-૧૫૧૧
એરંડી-૧૦૫૧-૧૦૫૧
સોયાબીન-૮૧૭-૮૩૧

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૬૨-૬૨૦
ડુંગળીલાલ-૧૩૮-૫૭૬
મગ-૧૨૦૦-૧૨૦૦
તલસફેદ-૨૦૦૧-૨૫૨૧
સોયાબીન-૮૨૭-૮૨૮
મઠ-૧૧૫૧-૧૧૫૧
ચણા-૯૪૮-૧૧૬૫
નાળીયેર-૫૨૦-૧૮૨૦
જીરૂ-૪૦૭૫-૪૦૭૫
બાજરી-૪૨૧-૫૨૫
જુવાર-૪૯૭-૫૦૫

**બાબરા**
કપાસ-૧૩૫૧-૧૫૪૧
ઘઉં-૪૪૫-૫૩૫
તલસફેદ-૨૨૦૦-૨૪૫૦
જીરૂ-૪૨૨૫-૪૯૦૦
મગફળી-૧૦૯૦-૧૨૬૭
બાજરો-

**ધારી**
કપાસ-૧૧૦૦-૧૧૦૦
ચણા-૧૨૨૫-૧૨૨૫
જીરૂ-૪૮૦૦-૪૮૦૦
મગફળી-૧૧૨૧-૧૧૨૧
તલ-૨૮૦૦-૨૮૦૦
મગ-૧૬૧૧-૧૬૧૧
શીંગફાડા-૧૨૪૯-૧૨૪૯
શીંગદાણા-૧૫૦૧-૧૫૦૧
ઘઉં-૪૫૧-૫૦૨
સોયાબીન-૮૧૬-૮૧૬

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૨૦૦-૧૨૫૧
શીંગદાણા-૧૭૫૧-૧૮૭૧
જીરૂ-૪૩૦૦-૪૮૯૦
તલસફેદ-૨૧૯૦-૨૫૦૦
કપાસ-૧૩૦૦-૧૫૫૫
ઘઉંલોકવન-૪૭૫-૫૫૯
મગ-૧૫૩૦-૧૬૦૦
ઘઉંટુકડા-૪૮૦-૫૮૬
ચણા-૧૨૭૦-૧૨૯૮
તુવેર-૧૩૯૯-૧૯૨૦
જુવાર-૪૮૬-૭૫૯
બાજરો-૪૦૦-૫૧૮
સોયાબીન-૭૯૪-૮૧૩

**ખાંભા**
કપાસ-
જુવારસફેદ-
ચણા-૧૨૧૦-૧૨૫૧
તલસફેદ-૨૩૬૦-૨૪૪૫
ઘઉં-૪૭૧-૪૭૧
શીંગદાણા-
સોયાબીન-૮૭૧-૮૭૧
જીરૂ-૩૪૫૧-૩૪૫૧

**બગસરા**
જુવાર-
કપાસ-૧૪૦૦-૧૪૩૦
ચણા-૧૨૦૦-૧૨૦૦
શીંગદાણા-૧૧૦૦-૧૫૪૦
જીરૂ-૪૦૦૦-૪૦૦૦
ઘઉંટુકડા-૪૭૪-૪૭૪
ઘઉંલોકવન-૫૦૮-૫૨૭
તુવેર-
તલસફેદ-૨૦૦૦-૨૪૫૨
મગફળી-૧૦૦૦-૧૦૦૦
સોયાબીન-૭૮૦-૮૦૬
મેથી-

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-
દાડમ-
મુસંબી-
સંતરા-
કીવી-
ડ્રેગન ફ્રુટ-
અનાનસ-
ખારેક-
કેળા-
પોપૈયા-
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-

### અમરેલી આજનું તાપમાન

મહ તમ તાપમાન ૨૯.૬
ન્યુનતમ તાપમાન ૨૬.૧
ભેજનું પ્રમાણ ૮૩
પવનની ગતિ સરેરાશ ૪.૨

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજીટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

सत्यमेवजयते
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ

તા. ૩૧-૦૭-૨૦૨૪ બુધવાર


શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪


BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર

માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

### કંડોળીયા બ્રહ્મ સમાજ દ્વારા તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવા

# અમરેલીમાં સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

**જ્ઞાતિના પ્લે ગ્રૃપથી ઉચ્ચ અભ્યાસ સુધીના તેજસ્વી તારલાઓનું જ્ઞાતિના આગેવાનો દ્વારા સન્માનિત કરાયાં : જ્ઞાતિના બહેનોએ સામુદ્રી માતાજીની સ્તુતિ રજુ કરી**

**બ્રહ્મ સમાજના આગેવાનોએ પોતાના બાળકો ઉચ્ચ શિક્ષણ મેળવે તેવો અનુરોધ કર્યો કપોળ મહાજન પ્રમુખ રાજેશભાઇ મહેતા તથા ટ્રસ્ટી મેહુલભાઇ દેસાઇની ઉપસ્થિતિ**



અમરેલી,

અમરેલી કપોળ મહાજન વાડીમાં તા. ૨૮-૭-૨૪ રવિવારના કંડોળીયા બ્રહમ સમાજ દ્વારા ભવ્ય સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્ઞાતિના પ્લે ગ્રૃપથી ઉચ્ચ અભ્યાસ સુધીના સારૂ પરીણામ પ્રાપ્ત કરનાર ૩૬ વિદ્યાર્થીઓને જ્ઞાતિજનોના સાથ અને સહકારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.કાર્યક્રમની સાથોસાથ જ્ઞાતિના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરી ઉપસ્થિત મહેમાનોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ કાર્યક્રમમાં કપોળ વણીક સમાજના પ્રમુખ રાજેશભાઈ મહેતા તથા ટ્રસ્ટી મેહુલભાઈ દેસાઈ અને વરીષ્ઠ જ્ઞાતિજનો દ્વારા દિપ પ્રાગટય કરી પ્રાંસગિક ઉદબોધન કર્યુ હતું. કાર્યક્રમમના અંતે જ્ઞાતિના મહિલાઓ દ્વારા રાસગરબા તથા ભવ્ય ગીતસંગીતનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમરેલી કંડોળીયા બ્રાહમણ જ્ઞાતિના પ્રમુખ અજયભાઈ પંડયા, ઉપપ્રમુખ હરેશભાઈ જોશી તેમજ હોદેદારો સર્વશ્રી દિપકભાઈ અધ્યારૂ , પિયુષભાઈ વ્યાસ, દિવ્યેશભાઈ જોશી, ભાવનાબેન અધ્યારૂ ,કૃણાલભાઈ વ્યાસ, સુભાષભાઈ અધ્યારૂ, નિલેશભાઈ વ્યાસ, અર્ચનાબેન પંડયા, રાજેશભાઈ જોશી, મહેશભાઈ વ્યાસ, પ્રતિમાબેન વ્યાસ, કમલેશભાઈ પંડયા, પ્રવિણભાઈ અધ્યારૂ , હિતેશભાઈ વ્યાસ, ભાવિકભાઈ અધ્યારૂ, ક્રિષ્નાબેન અધ્યારૂ, ભાર્ગવભાઈ અધ્યારૂ , કપીલભાઈ ભટ, અતુલભાઈ અધ્યારૂ, હિનાબેન અધ્યારૂ, તૃપ્તિબેન જોશી, શોભનાબેન પંડયા, હાર્દિકભાઈ અધ્યારૂ, પ્રિતેશભાઈ પંડયા, વૈભવભાઈ પંડયા, ધવલભાઈ પંડયા, જેનીશભાઈ વ્યાસ, ઈશાનભાઈ અધ્યારૂ, સંજનાબેન અધ્યારૂ , હિતેશભાઈ જોશી, યશોધરભાઈ વ્યાસ , પ્રિતીબેન અધ્યારૂ ,અભિજીતભાઈ વ્યાસ સહિતે જહેમત ઉઠાવી હતી.

### પ્રાકૃતિક ખેત ઉત્પાદનનું સર્ટિફિકેશન પ્રાકૃતિક ખેતીને માન્યતા આપતી પ્રક્રિયા એટલે સર્ટિફિકેશન

# ભારતમાં પ્રાકૃતિક ખેતી માટે સર્ટિફિકેશન વિકલ્પો ઉપલબ્ધ

**ખેડૂતો પરંપરાગત કૃષિ છોડીને પ્રાકૃતિક કૃષિ અપનાવી રહ્યા છે**

અમરેલી,કુદરતે કૃષિ સંસ્કૃતિમાં એક સંકલિત શૃંખલા અને ઈકો સિસ્ટમની રચના કરી છે. આ કુદરતી વ્યવસ્થા એટલે પ્રાકૃતિક કૃષિ. પ્રાકૃતિક કૃષિમાં કૃત્રિમ ખાતર અને કૃત્રિમ જંતુનાશકોનો ઉપયોગ કરવામાં આવતો નથી. પ્રાકૃતિક કૃષિ એ ગૌ આધારિત કૃષિ છે.જગતના તાત એવાં ખેડૂતો સમગ્ર ગુજરાતમાં હવે કૃષિથી પ્રાકૃતિક કૃષિ તરફ આગળ વધી રહ્યા છે. પ્રાકૃતિક કૃષિની દ્રષ્ટિએ હવે અમરેલી જિલ્લો પરિવર્તન લાવી રહ્યો છે. એક અંદાજ મુજબ જિલ્લાના ૩૧,૯૮૧ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવી ચૂક્યા છે અને ઘર બેઠાં જ પ્રાકૃતિક ઢબે ઉત્પાદિત પ્રાકૃતિક ખેત પેદાશોનું વેચાણ કરી રહ્યા છે. આપણે પ્રાકૃતિક કૃષિ વિશે જાણતા તો પરંતુ શું આપણે એ જાણીએ છીએ કે, પ્રાકૃતિક કૃષિ અને તેમાં ઉત્પાદિત થતાં ઉત્પાદનોનું સર્ટિફિકેશન કેવી રીતે થાય છે ? શા માટે સર્ટિફિકેશન મહત્વનું છે? સર્ટિફિકેશન એ સુનિશ્ચિત કરે છે કે, ખેડૂતો પ્રાકૃતિક ખેતીના ધારા-ધોરણો અને નિયમોનું પાલન કરી રહ્યા છે ઉપરાંત તેમની ખેત પેદાશોને માન્યતા આપે છે.પ્રાકૃતિક દ્વારા ઉગાડવામાં આવતા ખેત ઉત્પાદનોની ગુણવત્તાની ખાતરી, ગ્રાહકોને મજબૂત વિશ્વાસ પૂરો પાડવો, છેતરપીંડીના નિવારણ અને બજારના ફાયદા માટે પ્રાકૃતિક ખેત ઉત્પાદનને સર્ટિફિકેશનની આવશ્યકતા રહે છે. પ્રાકૃતિક ખેત ઉત્પાદન માટે સર્ટિફિકેશનનું મહત્વ એટલે પણ વધુ રહે છે, કારણ સર્ટિફિકેશન થકી પ્રમાણિત પ્રાકૃતિક ખેત ઉત્પાદનને બજારમાં સ્પર્ધાત્મક લાભ પ્રાપ્ત થાય છે તેની મદદથી રાસાયણિક ખેત ઉત્પાદન અને પ્રાકૃતિક ખેત ઉત્પાદન બંનેને અલગ અલગ તારવી શકાય છે.ભારતમાં પ્રાકૃતિક ખેતી માટે કુલ ત્રણ પ્રકારની સર્ટિફિકેશન સિસ્ટમ છે.(૧) થર્ડ પાર્ટી સર્ટિફિકેશન : NPOP (નેશનલ પ્રોગ્રામ ફોર ઓર્ગેનિક પ્રોડક્શન) સિસ્ટમ છઁઈઘછ એટલે કે, કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી કે વાણિજ્ય મંત્રાલય દ્વારા સંચાલિત થાય છે સાથે તે મુખ્યત્વે નિકાસ હેતુઓ માટે ઓર્ગેનિક પેદાશો પર કેન્દ્રિત છે.(૨) પી.જી.એસ-ઈન્ડિયા સર્ટિફિકેશન સિસ્ટમ : એટલે કે, પાર્ટિસિપેશન ગેરંટી સિસ્ટમ ફોર ઈન્ડિયા એ એક જૂથ આધારિત ઓર્ગેનિક સર્ટિફિકેશન સિસ્ટમ છે. જેમાં ખેડૂતોની ભાગીદારી સમાવિષ્ટ છે. તેનો ઉપયોગ મુખ્યત્વે સ્થાનિક ઉત્પાદનો માટે થાય ઉલ્લેખનીય છે કે, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૧ માં આ સિસ્ટમ શરૂ કરવામાં આવી હતી. આ ઉત્પાદનો માત્ર સ્થાનિક બજારમાં જ વેચી શકાય છે. સાથે પી.જી.એસ-ઈન્ડિયા પાક ઉત્પાદન, પશુ ઉત્પાદન, વેલ્યુ એડીશન, સંગ્રહ માટેના ધોરણોને પણ આવરી લે છે.(૩) સ્વ-પ્રમાણીકરણ: ભારતમાં હિમાચલ પ્રદેશ જેવા કેટલાક પ્રાકૃતિક ઉત્પાદનો માટે નવીન સ્વ-પ્રમાણિત પદ્ધતિ વિકસાવી છે. આ પ્રણાલી ખેડૂતોને નિર્ધારિત પરિમાણો અને માર્ગદર્શિકાઓના આધારે તેમની ખેતપદ્ધતિઓનું મૂલ્યાંકન અને પ્રમાણિત કરવા સક્ષમ બનાવે છે.ઉપરોક્ત ત્રણ પ્રકારની સર્ટિફિકેશન સિસ્ટમમાં પીજીએસ-ઈન્ડિયા સર્ટિફિકેશન સિસ્ટમ અથવા પ્રમાણપત્ર પ્રક્રિયા અન્ય કરતા વધુ સરળ અને ઓછી ખર્ચાળ છે. મહત્વનું એ છે કે, શઁ પ્રોગ્રામ ફોર ઓર્ગેનિક પ્રોડક્શન) સર્ટિફિકેશન સિસ્ટમ થકી પ્રમાણિત પ્રાકૃતિક ખેત ઉત્પાદનોનું સ્થાનિક બજારની સાથે આંતરરાષ્ટ્રીય બજારમાં પણ વેચાણ કરી શકાય છે. જ્યારે ભારતમાં નાના ખેડૂતો અને સ્થાનિક બજારો માટે પીજીએસ-ઈન્ડિયા સર્ટિફિકેશન સિસ્ટમ વધુ સુલભ અને સસ્તી છે.રાજ્યમાં અનેક ખેડૂતોએ પરંપરાગત ખેતી છોડીને સમયની માંગ મુજબ ગૌ આધારિત પ્રાકૃતિક અપનાવી છે. પ્રાકૃતિક ખેતીને લઈને ખેડૂતો જાગૃત બને તે માટે રાજયના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને રાજય સરકાર દ્વારા સરાહનીય સફળ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, પ્રાકૃતિક કૃષિ ભવિષ્યમાં જમીનની તંદુરસ્તી-ફળદ્રુપતા જાળવવા માટે અને એક પ્રકારે લોકોને વિવિધ પ્રકારના રોગોથી બચવા માટે પણ એક મજબૂત વિકલ્પ ઉભરશે. સંકલન અને આલેખન-ધર્મેશ

### સાવરકુંડલાના નેસડીના પ્રશ્નો સાંભળતા આગેવાનો

**શ્રી ભરત કાતરીયા સહિતે લોકોને સાંભળ્યા**



અમરેલી, અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના નેસડી ગામે છેલ્લા ત્રણ વર્ષથી સમસ્યા હતી સમસ્યાનુ નિવારણ લાવવા માટે સ્થળની મુલાકાત કરી હતી ટીમ સાથે મુલાકાત કરી હતી અને ત્રણ વર્ષથી રસ્તાઓ બંધ હતા અને ગંદકીના ગંજ હતા તે ભૂગર્ભ ગટર કરી અને તાત્કાલિક ધોરણે કામ કરવા માટે ગામના લોકો અને સરપંચ અને અમારી ટીમ સાથે રાખી અને આ કામને પૂરું કરવા માટે સંમત હતા નેસડીના સરપંચ કરસનભાઈ પટેલને સાથે ચર્ચા કરી તાત્કાલિક ધોરણે રોડ કરી અને ગટર બનાવી અને ત્યાંના રહીશોને સાથે રાખી આ કામને પાર પાડ્યું હતું ટીમ સાથે ભરત કાતરીયા પ્રફુલ ચાવડા પ્રકાશ મકવાણા ધર્મેશ સોલંકી હરેશભાઈ બગડા સહિતના સાથી મિત્રો જોડાયા હતા.

### માલધારી વિસ્તારમાં ચાંદીપુરા વાયરસ ન ફેલાય તે માટે

# સાવરકુંડલાના વિવિધ વિસ્તારોમાં સફાઇ, દવા છંટકાવ કરવા માંગણી

**પુર્વ સદસ્ય બિજલ બતાડાએ ચિફ ઓફિસરને રજુઆત કરી**

સાવરકુંડલા,

સાવરકુંડલા માલધારી વિસ્તારોમાં ચાંદીપુરા વાયરસની ભીતિ હોવાના કારણે સફાઈ, ડી.ડી.ટી., દવાનો છટકાવ કરવા ચીફ ઓફિસર અને પાલિકા પ્રમુખને પત્ર પાઠવી પૂર્વ સદસ્ય બીજલ બતાડા એ માંગ કરી. ઠેર ઠેર ગંદકી, ઉકરડાં અને સફાઈ ના અભાવ થી રોગચાળા ની ભીતિ. સાવરકુંડલા નગરપાલિકાના પૂર્વ અને શહેર ભાજપ માલધારી સેલના પ્રમુખ બીજલભાઈ બતાડા દ્વારા સાવરકુંડલા નગરપાલિકાના ચીફ ઓફિસર અને પાલિકાના પ્રમુખને પત્ર પાઠવી સાવરકુંડલા શહેર ની અંદર છેલ્લા ૧૫ દિવસથી ધીમી ધારે વરસાદ વરસી રહ્યો છે તેના લીધે માલધારી વિસ્તાર જેવા કે ઉતાવળા હનુમાન, ગોપાલક સોસાયટી, અમરાપરા હાથસણી રોડ, જેસર રોડ મોમાઈ પરા, ખાદી કાર્યાલય, જુનો નો કેડો, ગાયોનો ગોદરો, ધણ કેડો સહિતના વિસ્તારોમાં માલધારી સમાજ વસવાટ કરે છે અને તેઓ ગાયો ભેંસો સહિતનો માલ ઢોર રાખે છે આ વિસ્તારમાં વિસ્તારમાં માલધારી સમાજના બાળકો સહિત અસંખ્ય રાહદારીઓને આ ચાંદીપુરા વાયરસની ભાગરૂપે લેખિતમાં રજૂઆત દ્વારા શહેરમાં તાત્કાલિક ધોરણે સફાઈ થાય અને ડી.ડી.ટી. નો છંટકાવ થાય જેથી કરી શહેરીજનો આરોગ્ય જોખમાય નહીં અને હાલ આરોગ્ય બાબતે લોકોને ચાંદીપુરા વાયરસ ની ભીતિ માંબહાર આવી શકે તેવી માંગ કરવામાં આવી હતી.

### રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ દ્વારા

# સાવરકુંડલામાં સર્વરોગ આયુર્વેદ નિદાન કેમ્પ યોજાયો

**ઉતાવળા હનુમાનજી મંદિર ખાતે વિનામુલ્યે કેમ્પનું આયોજન**



સાવરકુંડલા, સાવરકુંડલા મહાકાળી ચોક ખાતે આવેલ સુપ્રસિધ્ધ ઉતાવળા હનુમાનજી મંદિર ખાતે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ પ્રેરીત ડોકટર હેડગેવાર સેવા સમિતિ સાવરકુંડલા તેમજ નિયામક આયુષની કચેરી ગુજરાત રાજ્ય દ્વારા જિલ્લા આયુર્વેદ અધિકારી અમરેલી ના માર્ગદર્શન અંતર્ગત સર્વરોગ નિદાન સારવાર કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું આ કેમ્પનો લાભ લેનાર દર્દીઓને વિનામૂલ્યે આયુર્વેદિક દવાઓ વિતરણ કરવામાં આવી હતી તેમજ આયુર્વેદ નિદાન કેમ્પમા સારવાર સાથે લોકો ને દિનચર્યા તથા તુચર્યા તથા તુજન્ય રોગચાળા થી બચવા ના માર્ગદર્શન આપવામાં આવ્યું હતું જેમાં બહોળી સંખ્યામા લોકોએ લાભ લીધો હતો આ નિદાન કેમ્પમાં કે.બી. ગોંડલીયા તથા વૈધ દેવેન્દ્ર ચૌહાણ એ સેવા આપી હતી.

# સાવરકુંડલાના એક જ વ્યક્તિએ મર્યાદિત સંસાધનોથી ઉભુ કર્યું વૃક્ષોનું સામ્રાજ્ય

**જનકભાઈ જોશી પ્રેરણાદાયી હીરો સાદુ જીવન, ઉંચા વિચારો**



સાવરકુંડલા,

સાવરકુંડલાના ગાંધી ચોક માં મહાલક્ષ્મી મંદિરમાં પૂજારી અને ગરીબ પરિવારના જનકભાઈ જોશી માત્ર ૪૫૦૦ રૂપિયાના પગારમાં પોતાનું ઘર ચલાવે છે. છતાં, રોજનો એક રૂપિયો તેમણે આખા વર્ષની બચત એટલે કે રૂપિયા માં ૨૦ વૃક્ષો વાવવા માં ખર્ચી દીધા. બિન ઉપયોગી કપડા તેમજ કડિયા કામમાં વપરાતા વેસ્ટિજ વાંસ માંથી પિંજરા બનાવી મળતી ખાલી જગ્યાઓમાં તેમણે આ વૃક્ષો વાવીને તેનું ધ્યાન રાખવાનું શરૂ કર્યું. આવનારી પેઢીને ગરમી અને પ્રદૂષણથી બચાવવા માટે તેમણે આ ભગીરથ કાર્ય હાથ ધર્યું છે જનકભાઈ દરરોજ સાયકલ આ વૃક્ષોને પાણી પીવડાવે છે. તેમનું ધ્યેય છે કે આ નાના છોડો મોટા વૃક્ષો બનીને આપણને ઠંડક આપે. તેમની આ સેવા જોઈને દરેક વ્યકિતએ પ્રેરણા લેવી જોઈએ.આજકાલ ગ્લોબલ વોર્મિંગની સમસ્યા ખૂબ જ ગંભીર બની ગઈ છે. ગરમી, પ્રદૂષણ અને અન્ય પર્યાવરણીય સમસ્યાઓ આપણા જીવનને પ્રભાવિત કરી રહી છે બધા જ જનકભાઈ પાસેથી પ્રેરણા લઈને વધુને વધુ વૃક્ષો વાવી શકીએ છીએ. આપણે આપણા ઘરની આસપાસ, સ્કૂલમાં, કોલેજમાં કે પછી કોઈ ખાલી જગ્યામાં વૃક્ષો વાવી શકીએ છીએ તેમજ વૃક્ષોનું ધ્યાન રાખીએ. આપણે આપણા બાળકોને પણ વૃક્ષોની મહત્વતા વિશે જણાવવું જોઈએ.જ્યાં જગ્યા મળે ત્યાં એક વૃક્ષ વાવે અને તેની લેવી જોઈએ. આપણે બધા મળીને આપણું પર્યાવરણ બચાવી શકીએ છીએ.જનકભાઈ જોશી એક સામાન્ય વ્યક્તિ છે, પરંતુ તેમનું કામ અસામાન્ય છે. તેમણે સાબિત કર્યું છે કે નાની શરૂઆતથી મોટું પરિવર્તન લાવી શકાય છે.

### કર્નલ વૈભવ દિક્ષિત કમાન્ડીંગ ઓફિસર ગુજરાત બટાલિયન

# અમરેલી મોંઘીબા કોલેજની મુલાકાતે કર્નલ શ્રી દિક્ષીત

**એનસીસી કેડેટોને માર્ગદર્શન આપ્યું : કારગિલ દિવસની ઉજવણી**



અમરેલી,કર્નલ વૈભવ દિક્ષિત, કમાન્ડીંગ ઓફીસર, ૩ ગુજરાત ગલર્સ બટાલિયન એન.સી.સી. ભાવનગર આજરોજ માતુશ્રી મોંઘીબા મહિલા આટ્ર્સ કોલેજની મુલાકાતે પધારેલ.શ્રીઅમરેલીજિલ્લાવિધાસભાસંચાલિત માતુશ્રી મોઘીબા મહિલા આટ્ર્સ કોલેજ-- અમરેલી ની મુલાકાતે કર્નલ વૈભવ દિક્ષિત, કમાન્ડીંગ ઓફીસર,૩ ગુજરાત ગલ્ર્સ બટાલિયન,એન.સી.સી.ભાવનગર તા. ૨૩/ ૦૭/૨૪ ના રોજ પધારેલ . તેઓશ્રી એન.સી.સી.કેડેટ્સ, એન.સી.સી. કેરટેકર તથા કોલેજના ઈન્ચાજસ આચાર્યશ્રીને મળેલ અને એન.સી.સી. કેડેટ્સને ઉતમ માર્ગદર્શન પુરૂ પાડેલ હતું. કર્નલ વૈભવ દિક્ષિત સાહેબ ૧૯૯૯માં ૨ રાજપૂતાના રાઈફલ્સમાં અધિકારી હતાં.તે સમય દરમિયાન તે ઓએ કારગિલ યુધ્ધમાં ભાગ લીધેલ અને આ યુધ્ધમાં તેઓએ અદભુત સાહસનો પરિચય આપ્યો હતો, જેમાં તોલોલિંગ પર્વતને દુશ્મનોના કબ્જામાંથી અભૂતપૂર્વક કાર્યમાં સહભાગી બન્યા હતાં. એન.સી.સી. કેડેટ્સ સાથેની વાતચિતમાં કમાન્ડિંગ ઓફીસર જણાવ્યુ કે, આવનારી ૨૮મી જુલાઇ આપણા કારગિલ વિજય દિવસની રજત જયંતિની ઉજવણી કરવા જઈ રહયા છીએ, તો આ કાર્યક્રમમાં બધાજ એન –સી.સી. કેડેટ્સ ઉત્સાહથી ભાગ લઈને શહિદોને શ્રઘ્લાંજલી અર્પણ કરે. તેમજ શહિદોની યાદમાં કેમ્પસમાં વૃક્ષારોપણ કરવુ અને માટે શ્રઘ્લાંજલી કાર્ડ, પોસ્ટર અને કવિતાઓ રજુ કરવી.કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો.બી.આર.ચુડાસમા આ બન્ને અધિકારીશ્રીનો આ કોલેજની શુભેચ્છા મુલાકાત બદલ સમગ્ર કોલેજ સ્ટાફ વતી આભાર વ્યકત કરેલ.

### ખેડૂત નેતા વિઠ્ઠલભાઈ રાદડિયાની પાંચમી પુણ્યતિથિ નિમિતે

# વડિયામાં મહારક્તદાન કેમ્પ યોજાયો

**૧૪૫ બોટલ રક્તદાન કરી વિઠ્ઠલભાઈને સાચી શ્રદ્ધાંજલિ આપી**



વડિયા,

સમગ્ર દેશ અને ગુજરાત પોતાની કામગીરી થી ખેડૂત નેતા તરીકે નુ બિરુદ મેળવી લોકહૃદય માં સ્થાન મેળવનાર સ્વ:વિઠ્ઠલભાઈ રાદડિયા ની પુણ્યતિથિ નિમિતે સમગ્ર ગુજરાત માં તેના ચાહક વર્ગ દ્વારા તેમની યાદ માં વિવિધ કાર્યક્રમ યોજવામાં આવે છે. આ લોકસેવકની પાંચમી પુણ્યતિથિ નિમિતે તેમની કામગીરી ને યાદ કરી તેને શ્રદ્ધાંજલિ આપવા માટે વડિયા ગામ મહારક્તદાન કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમા વડિયા ના વિવિધ મંદિરો ના સંતો અબે પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંઘાડ દ્વારા દીપ પ્રાગટ્ય કરી આ રક્તદાન કેમ્પ ને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કેમ્પ માં વડિયા ગામ અને સમગ્ર તાલુકા ના આસપાસના ગ્રામીણ વિસ્તાર માંથી યુવાઓએ રક્તદાન રૂપી જરૂરિયાત દર્દીઓને ઉપયોગી બની સેવારૂપી શ્રદ્ધાંજલી આપી હતી. તો રક્તદાન માટે સ્વામિ નારાયણ મંદિર વડિયા ના સંતો પણ આગળ આવી ને યુવાઓને પ્રેરણારૂપ બનવા રક્તદાન કરતા નજરે પડ્યા હતા.આ કેમ્પ માં યુવાઓ એ રક્તદાન માટે આગળ આવી ૧૪૫ બોટલ રક્તદાન કરી પૂર્ણ સહકાર આપ્યો હતો. આ મહા રક્તદાન કેમ્પ માં શ્રી મંદિર ના સંતો, શ્રી કંથડનાથ મંદિર ના ભરતનાથ બાપુ, બિલેશ્વર મંદિર થી વિભૂતિનાથ બાપુ, પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંઘાડ, જેતપુર થી અશોક ઊંઘાડ, સરપંચ મનીષ ઢોલરીયા, પૂર્વ સરપંચ છગન ઢોલરીયા સહીત સ્થાનિક કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહી જહેમત ઉઠાવી હતી અને રક્તદાન કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી. આ કાર્યક્રમ માં જેતપુર ની દેવ સેન્ટર નામની સંસ્થાએ બ્લડ કલેક્શન ની કામગીરી નિભાવી પોતાની સેવા આપી હતી.

